# શ્રીશ્રીઆનન્દમયીમાની
# જન્મભૂમિ-લીલાભૂમિ
# બાંગ્લાદેશની યાત્રા

- ઉત્તરા

પ્રાપ્તિસ્થાન :
શ્રીશ્રી માતા આનન્દમયી આશ્રમ, ભીમપુરા.

श्रीपादपीठं नमामि ॥

માતૃચરણોમાં સમર્પિત

॥ ॐ भूयिष्ठां ते नम उक्तिं विधेम ॐ ॥

## પૂ. સ્વામી ભાસ્કરાનંદજીનાં આશીર્વચન

બાંગ્લાદેશમાં શ્રીશ્રીમાના ઘણા ભક્તો શ્રીશ્રીમાના જન્મસ્થાન અને સિદ્ધેશ્વરી વગેરે જઈ આવેલ છે, અને પ્રતિવર્ષ ઘણા જાય છે, પરંતુ હજી સુધી તેઓને માટે કોઈએ ગુજરાતીમાં પુસ્તક લખેલ નથી; એટલા માટે ઉત્તરાનો આ પ્રયાસ સ્તુત્ય છે અને બીજા ભક્તોને ઘણી બધી માહિતિ મળશે તેમ આશા રાખું છું. આવી પુસ્તિકાનું પ્રકાશન અતિ આવશ્યક છે, કારણકે માનાં ઘણાં બધાં લીલાસ્થાનો આજકાલ બાંગ્લાદેશમાંથી લુપ્ત થતાં જાય છે.

મંગલ કામના સહ
સ્વામી ભાસ્કરાનંદ

અષાઢ વદ એકાદશી
કલ્યાણવન આશ્રમ (દેહરાદૂન)

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | આગરપાડા આશ્રમ (કલકત્તા) | ૭ |
| ૨. | આગરતલા આશ્રમ (ત્રિપુરા) | ૯ |
| | કસબા કાલીમંદિર | |
| ૩. | ત્રિપુરસુંદરી મંદિર | ૧૩ |
| | કસબા કાલીમંદિર | |
| | બ્રાહ્મનબાડિયા (બાંગ્લાદેશ) | |
| ૪. | ખેઓડા, ચાલના, વિદ્યાકૂટ | ૨૦ |
| ૫. | અષ્ટગ્રામ | ૩૩ |
| ૬. | બાજિતપુર, સુલતાનપુર, ખેઓડા | ૪૨ |
| ૭. | રમના, શાહબાગ (ઢાકા) | ૫૦ |
| ૮. | સિદ્ધેશ્વરી, શાહબાગ (ઢાકા) | ૫૮ |
| ૯. | શાહબાગ થઈને પ્રત્યાવર્તન | ૬૪ |

## આગરપાડા આશ્રમ (કલકત્તા)

**૭-૫-૦૭** **વૈશાખ વદ ૫**

પરમ પૂજનીયા પ્રાતઃસ્મરણીયા પૂર્ણબ્રહ્મસ્વરૂપિણી શ્રીશ્રીઆનન્દમયીમાની કૃપાથી અમે શ્રીશ્રીમાની જન્મભૂમિ તથા લીલાભૂમિ બાંગ્લાદેશની યાત્રા ઘણી સરળતાથી કરી શક્યાં. ઈ.સ. ૧૮૯૬ થી ૧૯૩૨ સુધી **મા** બાંગ્લાદેશમાં લાંબો સમય રહ્યાં, ત્યાંથી સૌ પ્રથમ દહેરાદૂનના રાયપુર ગામમાં આવ્યા પછી **મા** વચ્ચે વચ્ચે બાંગ્લાદેશ જતાં હતાં.

અમે ૮ જણે ૭ દિવસની બંગભૂમિની યાત્રા કરી. અમે ભારતના જુદાજુદા પ્રદેશના જુદાજુદા ક્ષેત્રના જુદુંજુદું વ્યક્તિત્વ ધરાવનારા હતા, છતાં અમારી પ્રત્યેકની સાથે **મા** હતાં, તેથી ભાવનું ઐક્ય હતું. ચંડીગઢથી શ્રી તરુણ ઘાઈ, દિલ્હીથી શ્રી રજત નારાયણ તથા અમલા, મુંબઈથી નીતા મહેતા, વડોદરાથી શ્રી નવીનભાઈ અસ્તી, સૂરતથી શ્રી તપેશ કાપડિયા, અમદાવાદથી જ્યોતિબહેન વત્સરાજ અને હું એમ આઠે જણ અમે માતૃપરિવારનાં જ હતાં, તેથી બધાંનો ઉદ્દેશ્ય એવો એકમુખી હતો કે **માનાં** ચરણોથી પવિત્ર થયેલાં અધિકાધિક સ્થાનોનાં દર્શન કરવાં. યાત્રાનો ક્રમ આ પ્રમાણે હતો :

કસબા, ખેઓડા, ચાલના, વિદ્યાકૂટ, અષ્ટગ્રામ, બાજિતપુર, સુલતાનપુર, ખેઓડા, ઢાકા (રમના, શાહબાગ, સિદ્ધેશ્વરી).

શ્રીશ્રીમાના શુભ-આવિર્ભાવ-પૂજન પછી કનખલમાં પ્રાતઃકાળે **માને** સહુએ પ્રણામ અર્પણ કર્યા, સાંજે અખંડ કીર્તનનો અધિવાસ થયો, અને બીજે દિવસે સવારે તા. ૭-૫-૦૭ને દિવસે અમે યાત્રાનો પ્રારંભ કર્યો. **માના** મંદિરમાં સવારે પ્રણામ કરીને લગભગ ૫.૩૦ વાગે અમે

દિલ્હી જવા નીકળ્યાં. તપેશભાઈ, રજતભાઈ, અમલા અને હું એમ ચાર જણ ટેક્સીમાં દિલ્હી જઈને ત્યાંથી પ્લેનમાં કલકત્તા પહોંચ્યાં. બીજાં બધાં ત્યાં મળવાનાં હતાં.

કલકત્તાનો આશ્રમ છેક ગંગા કિનારે છે. સ્નાન માટે ઘાટ બનાવેલો છે. ઘાટ માટે નીચે ઊતરતા પહેલાં એક નાનું મંદિર છે, જેની બહાર લખેલું છે કે શ્રીશ્રીમાએ સૂક્ષ્મમાં જોયું હતું કે શ્રીચૈતન્યમહાપ્રભુ તથા શ્રીનિત્યાનંદમહાપ્રભુ પાનિહાટીથી કામારહાટી જતી વખતે વચ્ચે વચ્ચે આ સ્થળે વિશ્રામ કરતા. એની સામે જ **મા**નું સુંદર ઘર છે. પહેલે માળે એક વિશાળ સ્વચ્છ હૉલમાં **શ્રીમા**નો ફોટો મૂકીને પૂજાનું સ્થાન બનાવેલું છે. અંદર બીજા નાના કક્ષમાં માની પાટ અને પાદુકાઓ છે. ત્યાંથી ઉપર અગાશીમાં પણ **મા**નું નિવાસસ્થાન છે. જ્યાં **મા**ની પાટ, ખુરશી તથા પાદુકાઓ છે. કાચના કબાટમાં **મા**નાં થોડાંક વસ્ત્રો તથા વાસણો સંગૃહીત છે.

આશ્રમના મંદિરમાં વચ્ચે **મા**નું મંદિર તથા ડાબી બાજુ ક્રમશઃ દિદિમાનું અને બીજું ભોલાનાથજીની મૂર્તિ સહિતનું શિવમંદિર છે. **મા**ની જમણી બાજુ રાધા-કૃષ્ણનું મંદિર છે. મંદિરની પૂર્વ બાજુ એક તળાવ છે, જેની સામે ધ્યાન-મંદિર છે, જ્યાં માની મૂર્તિ પ્રતિષ્ઠિત છે. કલકત્તાનો આશ્રમ વિશાળ છે અને સુંગધી પુષ્પોનાં વૃક્ષોથી ભરપૂર છે. સેક્રેટરી શ્રી દિલીપ ચેટર્જી તથા આશ્રમના કાર્યકરોનો, સેવકોનો વ્યવહાર પ્રેમાળ અને નમ્રતાપૂર્ણ છે.

કલકત્તામાં બીજે દિવસે નીતા, તરુણભાઈ, નવીનભાઈ અને જ્યોતિબહેન સાંજના પ્લેનમાં આવી પહોંચ્યાં. તા. ૯મીએ સવારે અમે આગરતલા જવા નીકળવાનાં હતાં.

***





## આગરતલા આશ્રમ (ત્રિપુરા)

**૯-૫-૦૭** **વૈશાખ વદ - ૭**

અમારું પ્લેન ગૌહાટી થઈને લાંબે રસ્તે જતું હોવાથી લગભગ દોઢ કલાક પછી અમે આગરતલા પહોંચ્યાં, ત્યારે ત્યાં વરસાદ પડી ચૂક્યો હોવાથી ઠંડક હતી. આપણા આગરતલા આશ્રમના શ્રી રૉય ત્રણ મોટરો (vans) સાથે અમને લેવા આવ્યા હતા. લગભગ અડધા કલાકના સુંદર drive બાદ અમે આશ્રમમાં પહોંચ્યાં. આશ્રમ મુખ્ય શહેરની બહાર છે. સામે મોટું તળાવ છે જેની જમણી બાજુ પહેલાંનો રાજપ્રાસાદ છે. સફેદ રંગનો રાજમહેલ વિશાળ તથા સુંદર દેખાય છે. અત્યારે ત્યાં સરકારી કાર્યાલય છે. આગરતલા ત્રિપુરા રાજ્યની રાજધાની છે, પરંતુ બાંગ્લાદેશ થયા પૂર્વે તેમ જ પૂર્વ પાકિસ્તાન થયા પૂર્વે અવિભાજિત ભારતમાં જે ત્રિપુરા રાજ્ય હતું, તેમાં અત્યારના બાંગ્લાદેશનો ભાગ પણ હતો. **મા**નું જન્મસ્થાન ખેઓડા આ જ ત્રિપુરા અંતર્ગત હતું. લગ્ન વખતે ભોલાનાથજી માટે હાથી પર બેસીને ખેઓડા આવવા માટે હાથીની વ્યવસ્થા કરવા **મા**ના પિતાજી દાદા મહાશય આગરતલા આવ્યા હતા સન્ ૧૯૦૯માં.

૧૯૮૨ના જન્મોત્સવ પહેલાં માર્ચ મહીનામાં આશ્રમ બની ગયા પછી છેલ્લી વાર **મા** આગરતલા ગયાં હતાં. ત્યાંથી હરદ્વાર આવીને દહેરાદૂન ગયાં હતાં. **મા**નો "ખ્યાલ" છેલ્લે ત્રિપુરા પ્રત્યે હતો ?

પહેલાં ત્રિપુરા રાજ્યપરિવારનું એક મંદિર રાજમહેલના પ્રાંગણમાં હતું, જે મંદિર, આસપાસની થોડી ભૂમિસહિત મહારાજાએ **મા**ના ચરણોમાં અર્પણ કર્યું છે. તે પછી ત્યાં આશ્રમ બન્યો છે. એ મંદિરમાં

શિવલિંગ છે. એક મૂર્તિ તે વખતે અડધી ઢાંકેલી રાખી હતી. એ મૂર્તિ કાલીની મૂર્તિ તરીકે જાણીતી હતી. એક વાર **મા**એ આશ્રમના પાનુદાને મુખેથી બોલાવવા માટે જ જાણે એમને પૂછ્યું કે કોની મૂર્તિ છે, તો પાનુદાએ કહ્યું કે શિવજીના વામભાગમાં પાર્વતી વિરાજમાન્ છે. બંગાળના પ્રસિદ્ધ કાલીભક્ત રામપ્રસાદે એમના શ્યામા-ગાનમાંના એક ગીતમાં કહ્યું છે કે, મહાકાલના અંકમાં વિરાજિત હોવાને લીધે તું મહાકાલી છે. પાર્વતીને જ આ કારણે મહાકાલી કહ્યાં છે. હવે એ મંદિર ઉમા-મહેશ્વરના મંદિર તરીકે જાણીતું છે. રાજાએ મંદિરસહિતની ભૂમિ આશ્રમ બનાવવા માટે **મા**ના ચરણોમાં અર્પણ કરી હતી.

બાજુમાં **મા**નું નિવાસસ્થાન છે જેમાં સરસ્વતીની મૂર્તિ છે. સામે નાનકડું તળાવ છે. મંદિર લાલ રંગનું નાનું અને સુંદર છે. બાજુમાં વિદ્યાલય છે. **મા** ૧૯૮૨માં ત્રિપુરા ગયાં ત્યારે એમની સાથે સરસ્વતીની મૂર્તિ તથા શિવલિંગ લઈ ગયાં હતાં. આશ્રમમાંથી જતી વખતે **મા**ના મુખમાંથી નીકળ્યું કે—**ઈસ શરીરકો માઁ સરસ્વતીકો દે દિયા.**

આશ્રમના શ્રી રૉયે સામે ઊભા રહીને અમને ભાવપૂર્વક જમાડ્યાં. મોડું થઈ ગયું હતું અને ભૂખ ન હોવા છતાં એમનો ભાવ જોઈને અમે જમ્યાં. ત્યાં હોટેલની વ્યવસ્થા પણ એમણે જ કરી હતી. આશ્રમમાં વધારાના રૂમ નથી તેથી બહારનાને રહેવાની સગવડ નથી. હોટેલમાં બરાબર ગોઠવાઈ ગયા પછી એકાએક નિર્ણય લેવામાં આવ્યો કે કસબા કાલીબાડી કાલે સવારે જવાનો કાર્યક્રમ છે, પરંતુ અત્યારે જ જઈ આવવું.





## કસબા કાલીમંદિર (કાલીબાડી)

**મા**ના આવિર્ભાવ પૂર્વે **મા**નાં ઠાકુરમા (દાદીમા) ૬ માઈલ ચાલીને ખેઓડાથી કસબા ગયાં હતાં. આવવા-જવાના ૧૨ માઈલ તેઓ એકલાં ચાલીને ગયાં હતાં. તે વખતે જંગલમાંથી રસ્તો હશે અને મંદિર પણ ખૂબ એકાંત સ્થળે વનરાજીની વચ્ચે હશે એવું અત્યારે જોતાં લાગે છે. મંદિર ટેકરા પર હશે, કારણ થોડાંક પગથિયાં ઢાળ ચઢીને જવાય છે. ઠાકુરમાએ કાલીમાને પ્રણામ કરીને પ્રાર્થના કરી જેમાં પુત્ર માગવાને બદલે એમને મુખેથી પુત્રી શબ્દ નીકળ્યો. એમણે કહ્યું કે બિપિનને ત્યાં પુત્રી થશે અને જીવતી રહેશે તો એનાં લગ્ન વખતે તમને પૂજા ચઢાવીશ. પ્રણામ કરીને ઊભા થતી વખતે એમને થયું કે હરિ ! આ મેં શું માંગ્યું ? માએ જ મને ભૂલાવી દીધું !

શ્રી બિપિનબિહારી ભટ્ટાચાર્ય (**મા**ના પિતાજી)નું પ્રથમ સંતાન પુત્રી હતી જે જન્મીને થોડાક સમયમાં જ ચાલી ગઈ હોવાથી વંશપરંપરા અક્ષુણ્ણ રાખવા એમનાં માતાની પુત્રસંતાનની કામના હતી. અનેક વર્ષો પછી કોઈએ **મા**ને પૂછ્યું કે **મા**, તમારા પ્રાકટ્ય પાછળ આ કારણ છે ? ઉત્તરમાં **મા** બોલ્યાં - ''તમને આ એક જ કારણ લાગે છે ?''

**મા**એ તો કહ્યું જ છે કે ''આ શરીર ભાવમય છે. તમે માગ્યું અને મેળવ્યું.'' ''તમારા કામને માટે આ શરીરને તમે જ લઈ આવ્યા છો .''

આપણા દેશના વિભાજન સમયે કસબાના બે ભાગ થઈ ગયા. પહેલાં પૂર્વ પાકિસ્તાનમાં અને હવે બાંગ્લાદેશમાં પણ એનો એક ભાગ છે અને ભારતમાં પણ છે, વચ્ચે સીમા પર તારની વાડ છે. કાલીમંદિર ભારતમાં આવી ગયું છે. ઠાકુરમા બાંગ્લાદેશના ખેઓડાથી ચાલીને, કસબા થઈને, હાલના ભારતના કસબામાં આવીને, કાલીબાડી

પહોંચ્યાં હતાં.

અમે લોકો હોટેલમાંથી નીકળ્યાં ત્યારે અંધારું થઈ ગયું હતું. આશ્રમના રોય પણ અમારી સાથે કસબા આવવાના હતા. બે મોટરમાં વહેંચાઈને અમે ચાલ્યાં. આગરતલાથી ૧૬ કિ. હાઈવે પર જઈએ પછી જમણી બાજુ કાલીબાડીનું બોર્ડ આવે છે, ત્યાંથી વળવાનું છે. ત્યાં બીજા ૧૫ કિ.મી. મોટરમાં જંગલમાંથી એક સાંકડા માર્ગ પર થઈને જવું પડે છે. બહાર ઘોર અંધારું હતું. કૃષ્ણપક્ષની સપ્તમી તિથિ હતી. મંદિરે પહોંચ્યાં, આકાશમાં પુષ્કળ તારાઓ ઝગમગતા હતા, બહાર લાઈટો નહોતી. અમારી આજુબાજુ ત્યાંના માણસો ભેગા થઈ ગયા. એમની પાસેથી જાણ્યું કે મંદિર બંધ થઈ ગયું છે, પરંતુ આવા ઐતિહાસિક અને અત્યંત પવિત્ર સ્થળે આવીને પ્રણામ કર્યા વિના પાછા જવાની કોઈની ઈચ્છા નહોતી. બીજે દિવસે સવારે તો ફરી આવવાનાં જ હતાં, છતાં બધાં મંદિર બાજુ ચાલ્યાં. ગામના એક છોકરા પાસે ટોર્ચ હતી જેના અજવાળામાં અમે તથા ગામના બીજા માણસો બધા ભેગા થઈને મંદિરના દ્વાર સુધી પહોંચ્યાં. બંધ દ્વાર આગળ માથું ટેકવીને બધાંએ પ્રણામ કર્યા. રાત્રિના અંધકાર અને નીરવતામાં થોડી વાર ચુપચાપ ઊભા રહ્યા પછી અમે આગરતલા પાછા ફર્યાં.

***





## ત્રિપુરસુંદરી મંદિર

**૧૦-૫-૦૭** **વૈશાખ વદ ૮**

દેવી ઉપાસનામાં કૃષ્ણ પક્ષની અષ્ટમી અને ચતુર્દશી તિથિનું વિશેષ મહત્ત્વ છે, અને આજે કૃષ્ણ અષ્ટમી જ છે ! સતીના જમણા પગનો અંગૂઠો અહીં પડ્યો હોવાને કારણે ૫૧ શક્તિપીઠમાંનું આ એક છે. આદિ શંકરાચાર્યનાં ઈષ્ટદેવતા મહાત્રિપુરસુંદરી દેવી છે, તેથી શંકરાચાર્યના ચારે મઠોમાં એમની પૂજાનું વિધાન છે. શંકરાચાર્યે ત્રિપુરસુંદરી-સ્તોત્રની રચના કરી છે, જેમાં દેવીને કદંબપુષ્પ પ્રિય છે તે જણાય છે-''कदम्बवनचारिणीम्, कदम्बवनवासिनीम्, कदम्बवनमध्यगाम्''જેવાં દેવીનાં વિશેષણો છે, અને''जपाकुसुमभासुरां जपविधौ स्मराम्यम्बिकाम्'' શબ્દોથી જાસુદનાં પુષ્પો જેવી રક્તિમ આભાવાળી દેવીને અંબિકા, એટલે કે માતા કહી છે. ગુજરાતમાં મહાશક્તિનાં સર્વ રૂપો મા અંબાનાં રૂપો છે, તેમ બંગાળમાં મહાશક્તિ તે મા કાલી છે. ત્યાં દશમહાવિદ્યા પણ કાલીનાં વિભિન્ન સ્વરૂપો ગણાય છે. **આ જ કારણે આ મંદિરમાં પણ વિગ્રહ કાલીનો છે.** ત્રિપુરા રાજ્યનું નામ પણ આ દેવી પરથી પડ્યું છે, ત્રિપુરાની અધિષ્ઠાત્રી દેવી ત્રિપુરસુંદરી છે, અને તે ''त्रिलोचनकुटुम्बिनी'' છે, મહાદેવની પત્ની સતી છે, અને પાર્વતી પણ છે.

અમે ઉપર પહોંચ્યાં ત્યારે મંદિર બંધ હતું અને થોડીવારમાં ખુલવાનું હતું. જપાકુસુમના હાર ખરીદીને, મંદિરના દ્વાર પાસે બેસીને પોતપોતાના પાઠ કર્યા, કોઈ કોઈએ અગરબત્તી સળગાવીને માતાને ઉદ્દેશીને દ્વાર સામે ફેરવી. જે કોઈ અન્ય દર્શનાર્થીઓ હતા તેઓ પણ શાંતિથી લાઈન કરીને ઊભા રહ્યા હતા. દ્વાર ખુલ્યા પછી પણ કોઈ

જાતની ધક્કામુક્કી કે આવેશ નહિ. બધાંને શાંતિથી દર્શન-પ્રણામ કરવા મળ્યા, પણ બહારથી જ. મંદિરમાં પૂજારીઓ સિવાય કોઈને પ્રવેશ નથી મળતો, તેથી પુજારીએ હાર ચઢાવનાર પ્રત્યેક વ્યક્તિને એનું નામ તથા ગોત્ર પૂછીને અંદર એ નામ-ગોત્રનું ઉચ્ચારણ કરીને માલ્યાર્પણ કર્યું.

પૂજારીને કદાચ અમારામાં સદ્વૃત્તિ દેખાઈ હશે, તેથી મંદિરમાં દેવીના દક્ષિણ ચરણના અંગૂઠાનું જે પ્રતીક પૂજામાં રાખેલું છે તેને પાત્રસહિત અમારી સામે મંદિરના દ્વાર સુધી લાવીને અમને દરેકને દર્શન કરાવ્યાં, સાથેસાથે એમ કહ્યું કે કોઈએ સ્પર્શ કરવો નહિ. અમે પ્રણામ કરીને અમારા ભાગ્યની પ્રશંસા કરતા પાછા જવા નીકળ્યાં.

## કસબા કાલીબાડી

આગરતલાનું આ અત્યંત પ્રસિદ્ધ મંદિર છે. ત્રિપુરસુંદરી મંદિરથી લગભગ ૪૪ કિ.મી. અને વળાંક પછીના બીજા ૧૫ કિ.મી. પસાર કરીને અમે કસબા કાલીમંદિરે પહોંચ્યાં. મોટરમાંથી ઊતરીને જોયું તો થોડેક દૂર ભારત-બાંગ્લાદેશની સીમા પર તારની વાડ દેખાતી હતી. કલ્પના કરી કે એ જ રસ્તે પગે ચાલીને **મા**નાં ઠાકુરમા કાલીબાડી આવ્યાં હશે.

**મા** જ્યારે અષ્ટગ્રામથી વિદ્યાકૂટ ગયાં (૧૯૧૬?), અને ત્યાંથી ખેઓડા થઈને કસબા કાલીબાડી ગયાં હતાં, ત્યારે **મા**ના શરીરમાં ભાવ પ્રગટ થયા હતા. પછીથી ૧૯૩૭ જૂનમાં **મા** ખેઓડા ગયાં હતાં અને ત્યાંથી કસબા કાલીબાડી આવ્યાં હતાં. ખેઓડા જતાં પહેલાં પણ કસબા થઈને ગયાં હતાં. કસબા કાલીબાડી થોડોક સમય રોકાયા પછી **મા** કસબા સ્ટેશનેથી ટ્રેનમાં ચાંદપુર ગયાં હતાં.

મંદિરમાં જવા માટે નાનો સરખો ઢાળ ચઢીને પગથિયાં આવે છે.





ઢાળ પર લાઈનસર દુકાનો છે જેમાં ધરાવવા માટેનો પ્રસાદ વેચાય છે,, અને બધી દુકાનોની બહાર લાંબા લાંબા જાસૂદના હાર લટકે છે. લાલ જપાકુસુમ દેવીનું પુષ્પ છે, **મા**એ એક વાર કોઈએ અર્પણ કરેલું જાસૂદ બતાવીને કહ્યું હતું, **"શક્તિકા ફૂલ."**

અમે મંદિરમાં પહોંચ્યાં ત્યારે ત્યાં થોડા લોકો શાંતિથી બેઠા હતા. દેવી સામે મુખ કરીને મૌન, શાંત થઈને એ લોકો વાતાવરણમાં સહેજે ખલેલ પહોંચાડ્યા વિના બેસી રહ્યા હતા. એ લોકો કુતૂહલપૂર્વક અમને જોવા માંડ્યા. અમે ભાવાભિભૂત થઈ ગયાં હતાં, આખરે કસબા કાલીબાડી આવી શક્યાં ! પ્રત્યેકની માળા પૂજારીએ નામ-ગોત્ર પૂછીને લીધી અને કાલીમાને અર્પણ કરી, પ્રત્યેકને પ્રસાદના પેંડા અને પુષ્પો આપ્યાં.

મંદિરમાં કાલીમાની જમણી બાજુએ **શ્રીશ્રીઆનન્દમયી મા**નો ફોટો મૂકેલો છે.

મંદિરનું સ્થાન પ્રાચીન છે, વિગ્રહ પ્રાચીન છે, પરંતુ મંદિરનો જીર્ણોદ્ધાર કરીને નવું બનાવવામાં આવ્યું છે. બંગાળની કલાત્મકતા એમાં દેખાય છે.

અહીંથી અમે સામાન લઈને સીધા ચેકપોસ્ટ જવા માગતા હતા, પરંતુ આગરતલા આશ્રમના શ્રીરૉયનો આગ્રહ હતો કે અમારે આશ્રમમાં પ્રસાદ લઈને જ જવું, અને પછીથી અમને લાગ્યું કે એ આગ્રહ યોગ્ય જ હતો ! અમે હોટેલમાંથી અમારો સામાન લઈને તરત જ આશ્રમમાં ગયાં, સામાન મોટરોમાં જ રહેવા દીધો, કારણકે 'આખૌડા' બૉર્ડર ચેકપોસ્ટ પર અમને બાંગ્લાદેશના શ્રી પિનાકી ભટ્ટાચાર્ય ૩ વાગે મળવાના હતા. બાંગ્લાદેશનો સમય ભારત કરતાં

અડધો કલાક આગળ છે, એટલે અમારે અઢી વાગે પહોંચવાનું હતું. આશ્રમમાં આ વખતે પણ સામે બેસીને શ્રીરોયે તથા કમિટિના એક સભ્યે અમને પ્રેમપૂર્વક જમાડ્યાં. મંદિર બંધ થઈ ગયું હતું, પરંતુ **મા**ને ઉદ્દેશીને પ્રણામ કરીને સહુનો આભાર માનીને ''જય મા, જય મા'' કહીને અમે બાંગ્લાદેશ જવા વિદાય થયાં.

## બાંગ્લાદેશમાં પ્રવેશ

ખેઓડા અને ઢાકાની યાત્રા તો ઘણા લોકો દર વર્ષે કરતા હોય છે, જે માટે કલકત્તાના salt lake થી માતૃભક્તો માટે બસ ઊપડે છે, પરંતુ નવીનભાઈની ઈચ્છા બાજિતપુર જવાની હતી, **મા**-વિષયક પુસ્તકોમાં વાંચ્યું હોવાથી મને અષ્ટગ્રામ, સુલતાનપુર વગેરે સ્થાનોમાં જવાની પણ ઈચ્છા હતી, અને તેમાં બીજાંઓ પણ જોડાયાં, આમ અમારું ૮ જણનું ગ્રુપ તૈયાર થયું. રજતભાઈ તથા નવીનભાઈ ખેઓડા, ઢાકા જઈ આવેલા હોવા છતાં ફરી વાર આવ્યા હતા. કનખલ આશ્રમમાં એસ. કે. દત્તા (પાટુનદા) રહે છે, જેઓ **મા**ની લીલાભૂમિમાંનાં એ સ્થળો શોધવા માટે બાંગ્લાદેશ ગયા હતા. એમની સાથે **મા**ના પુરાતન ભક્ત બાંગ્લાદેશના બ્રાહ્મણબાડિયાના શ્રી પિનાકી ભટ્ટાચારજી પણ ગયા હતા. પુસ્તકોમાંના પુરાવા સાથે મેળવીને એમાંનાં કેટલાંક સ્થાનો પાટુનદાએ શોધીને નિશ્ચિત કર્યા અને એના ફોટા પાડી લીધા. ત્યાર બાદ એમણે એક [illegible] CD બનાવી જે હાલમાં કનખલ આશ્રમમાં ઉપલબ્ધ છે. બાંગ્લાદેશનો અમારો કાર્યક્રમ તૈયાર કરવામાં પણ પાટુનદા તરફથી ઘણાં સલાહ-સૂચનો મળ્યાં હતાં.

કનખલ આશ્રમમાં બ્રહ્મચારિણી ચંદનદિ રહે છે, એમણે પણ સુલતાનપુર વિષે થોડી જાણકારી આપી હતી. તેઓ સુલતાનપુર **મા**ની





'મામાબાડી'માં જ બાળપણમાં રહેતાં હતાં. તેઓ દિદિમાના ભાઈનાં પૌત્રી છે.

ખેઓડા વિ. આપણે માટેનાં મોટા ભાગનાં સ્થળો બાંગ્લાદેશના બ્રાહ્મનબાડિયા જિલ્લામાં આવેલાં છે. દેશ-વિભાજન પૂર્વે ત્યાં મુખ્ય વસ્તી બ્રાહ્મણોની હતી અને તેમાં પણ ભટ્ટાચાર્યો વિશેષ માત્રામાં હતા. અત્યારે ત્યાં લગભગ ૪૦% હિંદુઓ છે અને ૬૦% મુસલમાનો છે. આ જિલ્લાના બ્રાહ્મનબાડિયા શહેરમાં શ્રીપિનાકી ભટ્ટાચાર્ય રહે છે. એમના પિતા રાયબહાદુર બ્રાહ્મનબાડિયાના જમીનદાર હતા. એમનું જૂના પ્રકારનું વિશાળ મકાન છે. કહે છે કે શ્રીમા પણ એમનાં ઘરમાં એકવાર રહ્યાં હતાં. શ્રીમાના પિતા દાદામહાશયના cousin શ્રી દીનબંધુ ભટ્ટાચાર્ય સાથે એમનાં ફોઈનાં લગ્ન થયાં હતાં. અત્યારે ત્યાંની સરકારે બ્રાહ્મનબાડિયાનું official નામ 'બી.બારિયા' કરી દીધું છે, બ્રાહ્મણ શબ્દ કાઢી નાખ્યો છે !

પહેલાં અમારો વિચાર કલકત્તાથી ઢાકા જઈને યાત્રા શરૂ કરવાનો હતો, પરંતુ આપણા બનારસ આશ્રમના પાનુદાએ ખાસ સલાહ આપી કે આગરતલા જાઓ અને ત્યાંથી By road તમે બૉર્ડર ક્રૉસ કરો. કારણ પછીથી સમજાયું : (૧) કલકત્તાથી આગરતલા Domestic Flight હોવાને લીધે ટિકિટનો ખર્ચો અડધો થઈ ગયો. (૨) આગરતલા આશ્રમ જોઈ શકાયો. (૩) બ્રાહ્મનબાડિયામાં જ 'આખોડા' બોર્ડર ચેકપોસ્ટ હોવાથી ખેઓડા જવાનું પણ તરત બન્યું. અમારું headquarters પણ બ્રાહ્મનબાડિયા હતું. (૪) કસબાકાલીબાડી જઈ શકાયું. (૫) ત્રિપુરસુંદરી મંદિરે જઈ શકાયું.

પાનુદાએ તેમ જ કલકત્તાના માતૃભક્ત શ્રી સપન ગાંગુલીએ

## માની જન્મભૂમિ ખેઓડા

**૧૧-૫-૦૭** **વૈશાખ વદ ૯**

માની લીલામાં બાંગ્લાદેશનાં જે સ્થળો ૧૮૯૬થી ૧૯૩૨ સુધી વિશેષરૂપે જ્ઞાતવ્ય છે તે ઈ.સન્ સાથે આ પ્રમાણે છે :

**ખેઓડા** (૧૮૯૬ થી, ૧૨ વર્ષ ને ૧૦ મહીનાની વય સુધી)

**સુલતાનપુર**માં મામાનું ઘર (બાલ્યલીલા)

**ચાલના** (૭-૮ વર્ષની વયે)

**શ્રીપુર, ઢાકા, નરુંદી** (૧૬ વર્ષ ૧૦ મહીનાની વય સુધી)

**આટપાડા** - (ઢાકા પાસે વિક્રમપુર જિલ્લામાં ૧૭ વર્ષ ૪ મહીનાની વય સુધી)

**વિદ્યાકૂટ** (૬ મહીના)

**અષ્ટગ્રામ** (૧૯૧૪માં, લગભગ ૧૮ વર્ષની વયે ૧ વર્ષ ૪ મહીના સુધી)

**વિદ્યાકૂટ** (૩ વર્ષ સુધી, ૨૨ વર્ષ ૪ મહીનાની વય સુધી)

**કસબા, બાજિતપુર, ઢાકા, બાજિતપુર, વિદ્યાકૂટ, બાજિતપુર** (બાજિતપુરમાં કુલ ૬ થી ૭ વર્ષ)

**ઢાકા શાહબાગ** (૧૯૨૪માં, ૨૯ વર્ષની વયે આવ્યાં)

**સિદ્ધેશ્વરી, રમના** (૧૯૩૨ સુધી) ત્યાર પછી ૧૯૩૨માં દેહરાદૂનના રાયપુરમાં પધાર્યાં.

●

સવારે નવેક વાગે અમે બે મોટરમાં વહેંચાઈને પહેલાં





બ્રાહ્મનબાડિયાના બજારમાં ગયાં. ભારતથી સૂકો મેવો ધરાવવા માટે લાવ્યા નહોતાં તે મોટી ભૂલ હતી. બજારમાં ક્યાંય બદામ, કાજુ, પિસ્તા કે મગફળી સુદ્ધાં મળતું નહોતું. અમને કહેવામાં આવ્યું કે ઢાકામાં બધું મળશે. છેવટે તપનને મોકલીને કિસમિસ અને આમળા જેવડા મોટા સાકરિયા જેવું મંગાવ્યું. ચાંદનીના ફૂલની કળીઓની લાંબી સેર જેવી માળાઓ લટકતી હતી, ગજરા જેવી જાડી પણ હતી, તે તથા ગલગોટાના હાર અને ગુલાબો ખરીદીને અમે ખેઓડા તરફ પ્રયાણ કર્યું. નીકળતાં લગભગ દસ વાગી ગયા હતા. રસ્તામાં મેઘના નદીના વિશાળ પટ ઉપરના પુલ પરથી પસાર થયા. લગભગ અડધે ગયા પછી વચ્ચે સુલતાનપુર આવે છે. **મા**ના મામાનું ઘર સુલતાનપુરમાં હતું, જ્યાં **મા** અસંખ્ય વાર જઈને રહ્યાં હતાં. ત્યાંના પ્રસિદ્ધ શિવમંદિરનું સીધું ઊંચું શિખર હાઈવે પરથી જ દેખાય છે. ત્યાં જવાનું અમારા કાર્યક્રમમાં ત્રીજે દિવસે હતું, અત્યારે અમે સીધા ખેઓડા બાજુ ગયાં. લગભગ પોણા કલાકમાં બ્રાહ્મનબાડિયાથી ખેઓડા પહોંચી ગયાં. ખેઓડા લગભગ ૪૫ કિ.મી. દૂર છે.

પહેલાં 'ખેડા' ગામ આવે છે, પછી 'ખેડેરા' અને ત્યાર પછી 'ખેઓડા'. ગામની સીમા પર બજાર પાસે અમારી ગાડીઓ ઊભી રહી ગઈ. હવે અમારે આગળ ચાલતા જવાનું હતું. સમસ્ત બાંગ્લાદેશી ગ્રામ્યપ્રદેશ પર વરુણદેવની અનહદ કૃપા છે. પુષ્કળ તળાવો, નદીઓ, લીલાંછમ ખેતરો, લીલા રંગની જુદી જુદી આભાવાળી વનરાજિઓ, નાળિયેરનાં ઠેર ઠેર વૃક્ષો અને કટહલ (ફણસ)ના ભારથી લદાયેલાં વૃક્ષો, આંબા, સોપારી, કેળ જેવાં કેટકેટલા પ્રકારનાં વૃક્ષો જોવા મળ્યાં. કટહલ તો છેક જાણે જમીન સુધી ઝૂકી આવ્યાં હોય તેવાં દેખાતાં હતાં. ખેઓડામાં **મા**ના ઘરની આજુબાજુ પણ નાળિયેરી, કદંબ, આંબો,

સોપારી, ચંપો, પીપળો, કટહલ, કેળ અત્યારે પણ છે. 'સ્વક્રિય સ્વરસામૃત' પુસ્તકના ભાગ ૧-૨માં **મા**ના જન્મસ્થાનની આસપાસનું સચોટ વર્ણન છે, 'સ્વક્રિયસ્વરસમૃત' ભાગ-૫માં પણ એવું વર્ણન મળે છે. લીમડો આંબો, પેર અને પાસે બીજો લીમડો હતો જેની નીચે આ ઘર હતું.

ચાલતાં ચાલતાં મનમાં વિચારો આવતા હતા કે આ રસ્તે **મા** કેટકેટલીવાર આવ્યાં હશે. 'નિર્મલા'ની ગતિભંગી વિષે વાંચ્યું છે કે નાની બાલિકા હસતી, કૂદતી, જ ચાલતી, જાણે સ્ફૂર્તિ અને આનંદોલ્લાસની છોળો ઊડાડતી ! અમે જ્યાંથી ખેઓડામાં પ્રવેશ્યાં તે પૂર્વ તરફનો ભાગ હતો, તે દિવસોમાં પણ 'પૂર્વપાડા' (પાડા એટલે મહોલ્લો)થી જ પ્રવેશ હતો અને **મા**ના પિતાનું ઘર 'પશ્ચિમપાડા'માં હતું. **મા** જ્યારે પૂર્વપાડા બાજુ જતાં ત્યારે બે રસ્તા હતા—એક તો મેદાન ને જંગલ વચ્ચે થઈને, અને બીજો હતો મુસલમાનોનાં ઘરો બાજુ થઈને ટૂંકો રસ્તો.

અમે તળાવ, જંગલ, મેદાન, વિ. પસાર કરીને 'શ્રીશ્રીમાતા આનન્દમયી આશ્રમ' આવી પહોંચ્યાં. સો વર્ષના માણિક મહારાજ અમને મળવા આશ્રમની બહાર જ ઊભા હતા, સાથે ત્યાંના બીજા લોકો પણ હતા. અમારી સાથે જેની જેની પાસે કેમેરા હતા તે બધાએ માણિક મહારાજ સાથે અમારા ગ્રુપ ફોટા લીધા. સામે **મા**ના નામની હાઈસ્કૂલ - ઉચ્ચ વિદ્યાલય આવેલું છે. આશ્રમમાં જે મોટા કક્ષમાં **મા** રહ્યાં હતાં, ત્યાં જમણી બાજુ **મા**ની છબિ મૂકીને મંદિર બનાવ્યું છે. આ આશ્રમભવનની સ્થાપના ૧૯૩૯ની ઝૂલન પૂર્ણિમાએ ગુરુપ્રિયાદિદિના આગ્રહથી થઈ હતી. ૧૯૯૨ના મે મહીનામાં અહીં શિવપ્રતિષ્ઠા કરવામાં આવી છે.





ત્યાં પ્રણામ કરી, ભૂમિસ્પર્શ કરીને અમે **મા**ના જન્મસ્થાન બાજુ ચાલ્યાં. દૂરથી જ વૃક્ષોથી ઘેરાયેલા જન્મસ્થાનના મંદિરનાં દર્શન થયાં. અમે હજી ચાલતાં હતાં, અમારી અને જન્મસ્થાનની વચ્ચે બીજાં કોઈ ઘરો કે વસ્તી નહોતી, જાણે ગામની ભીડથી દૂર એકાંતમાં સ્થિર, ધીર સ્થાનમાં **મા** બિરાજે છે. અમે દૂરથી જે દૃશ્ય જોયું તેમાં આંખોની સાવ સામે જન્મસ્થાન, એની જમણી બાજુ ખુલ્લું મેદાન અને ડાબી બાજુ તળાવ હતું; પરંતુ ત્યાં ગયા પછી જોયું કે ઘરની સામેના ભાગમાં તળાવ અને પાછળના ભાગમાં મેદાન છે.

આ જ તળાવમાં **મા** સ્નાન કરતાં, એમાંથી પાણી ભરી લાવતાં. એક વાર નાનપણમાં **મા**એ કેડ ઉપર કળશી મૂકીને સહેજ વાંકા થઈને દિદિમાને કહ્યું કે મને સીધી સીધી કહો છો તો જુઓ હવે હું સીધી નથી. એક વાર આ તળાવના જળમાં પોતાનું પ્રતિબિંબ જોઈને **મા** હાવભાવસહિત વચ્ચેવચ્ચે આકાશ બાજુ જોઈને કંઈ બોલતાં હતાં, કોણ જાણે કોણ કોણ આવ્યું હશે **મા**ની ઈહલોકની લીલા જોવા !

**મા** ઘણાં નાનાં હતાં, અને એક વાર એમના પિતા પાસે સૂતાં હતાં. દાદામહાશયનું એવું ભક્તહૃદય હતું કે હરિ કીર્તન કરતી વખતે એમને દેશ અને કાળનું ભાન ન રહેતું. આખી રાત બેસીને કીર્તન કરતા. મોડી રાતે સવાર થતાં પહેલાં **મા**એ પૂછ્યું હરિનું નામ કરવાથી શું થાય ? છેવટે માએ પૂછ્યું—હરિ કેટલા મોટા છે ? પિતા કહે બહુ મોટા. **મા** પૂછે છે—આ મેદાન છે તેમાં સમાઈ શકે ?

એ જ મેદાન અમે જોયું. મેદાનથી થોડે દૂર જંગલ જેવાં ગીચ ઝાડ-પાન છે, પરંતુ મેદાન એવું ને એવું જ છે.

જન્મસ્થાનની ચારે બાજુ ~~નાની ચટાઈની~~ દીવાલ બનાવેલી છે

અને નાનો લોખંડની જાળીવાળો દરવાજો છે, જ્યાં મોટા ભાગે તાળું મારેલું હોય છે. બહારની ભૂમિ કરતાં સહેજ ઊંચી જગ્યામાં જન્મસ્થાનની ભૂમિ છે. તેમાં પણ ત્રણ પગથિયાં ચઢ્યા પછી મંદિરમાં જવાય છે. મંદિરમાં વચ્ચોવચ પથ્થરની વેદી છે જે માનું જન્મસ્થાન છે. ત્યાં પૂજા થાય છે.

૧૯૩૭ ના જૂન કે જુલાઈ મહીનામાં **મા** ખેઓડા પધાર્યાં, ત્યારે **મા**નું નામ પ્રસિદ્ધ થઈ ગયું હતું. ગુરુપ્રિયા દિદિ એમની ડાયરીના ભાગ-જમાં તે વિષે લખે છે. **મા**નાં દર્શન કરવા ખૂબ ભીડ થઈ હતી. **મા**એ પોતે જ્યાં રમતાં, જે પુકુરમાં સ્નાન કરતાં, તે સ્થળો બતાવ્યાં. વૃદ્ધ વૃદ્ધાઓ પણ **મા**નાં ચરણોમાં પડીને પ્રણામ કરતાં હતાં.

પુસ્તકમાં બંગાળી સન્ હોવાને લીધે ઈ.સન્ ૧૯૩૬ કે ૩૭ હશે તેવી ગણતરી છે.

૧૯૪૬ કે ૧૯૪૭માં **મા** જ્યારે ખેઓડા આવ્યાં ત્યારે સાથે ભક્તો પણ હતા. દિદિમાને પૂછ્યું કે **મા**નું જન્મસ્થાન બતાવો, તો તેઓ પણ ચોક્કસ સ્થાન ઓળખી ન શક્યાં. ૧૨ વર્ષ ને ૧૦ મહીનાની ઉંમરે જ્યારે **મા**નાં લગ્ન થયા પછી મા રેવતીબાબૂને ત્યાં રહેવા ગયાં તે પછી દાદામહાશય એમનાં ઘર-જમીન મુસલમાનને વેચીને વિદ્યાકૂટ રહેવા જતા રહ્યા. **મા**નો 'ખ્યાલ' તે જ ઈશ્વરેચ્છા છે, તેથી મુસલમાનોએ એ ઘરને રહેવાના ઉપયોગમાં ન લીધું, પરંતુ એમની ખેતીની પેદાશનું અનાજ ઘાસ વિ. ત્યાં રાખતા. આમ એ સ્થાનની પવિત્રતા-શુદ્ધતા જળવાઈ રહી. જ્યારે **મા**નું જન્મસ્થાન એમનાં માતા પણ ન બતાવી શક્યાં, ત્યારે માએ જઈને સૂકા ઘાસના એક ઢગલા પર હાથ લાંબો મૂકીને એક સ્થાન બતાવ્યું. એ જમીન મુસલમાનો પાસેથી આશ્રમે





ખરીદી લીધી. ત્યાં વેદી અને મંદિર બાંધવા માટે પાયો ખોદાતો હતો ત્યારે **મા**એ પોતાનો ચરણ એક નિશ્ચિત સ્થળે મૂકીને ચોક્કસ જગા બતાવી. તદનુસાર તે જ સ્થળ ઉપર વેદી બનાવવામાં આવી. **મા**નું પ્રાકટ્ય રસોડાવાળા ઓરડામાં થયું હતું. **મા**એ કદી પણ પોતાને માટે જન્મ કે આવિર્ભાવ કે પ્રાકટ્ય એવો એક્કે શબ્દ વાપર્યો નથી. **મા**એ બંગાળીમાં એમના પ્રાકટ્ય વિષે આ વાક્ય કહ્યું છે : ''તોમાદેર દૃષ્ટિતે એઈ શરીરટા.'' અર્થાત્ ''તમારી દૃષ્ટિએ આ શરીર''(જ્યારે પ્રગટ થયું—તે આપણી ભાષા છે. આપણી પાસે જન્મ અને આવિર્ભાવ જેવા જ શબ્દો છે તેથી આપણે તે વાપરીએ છીએ.) અર્થાત્ ''તમારા દૃષ્ટિપથમાં આ શરીર જ્યારે આવ્યું.''અહીં ક્યાંથી આવ્યું અને ક્યારે આવ્યું તે ગુપ્ત રખાયું છે, છતાં ભાગવતમાં જે અયોનિજ અવતારની વાત આવે છે તે **મા** માટે પણ લાગુ પડે છે. **મા**ના પિતા તો લાંબા સમયથી કીર્તન કરતા કરતા ઘરથી ઘણે દૂર ચાલી ગયા હતા, તેઓ ક્યાં હતા તે પણ કોઈ જાણતું નહિ.

**મા**ના પ્રાકટ્ય વખતે ત્યાં કોઈ નહોતું. **મા** પોતે કહે છે કે એમના ઠાકુરમાનાં, એક ખૂડીમા (અર્થાત્ દાદીનાં કાકી જેમને 'બડોમા' કહેતા) ત્યાં આવ્યાં જ્યારે **''તમારી દૃષ્ટિએ આ શરીર''** અર્થાત્ **મા** તે વખતે ત્યાં હતાં જ ! પરમાત્મા ધરાતલ પર અવતરે છે તે ક્યાંથી અને કેવી રીતે આવે છે તે મનુષ્ય સમજી-જાણી નથી શકતો. માએ સ્વમુખે પોતાના આવિર્ભાવ વિષે કહ્યું છે-''એમનો પ્રકાશ (પ્રાકટ્ય) તેઓ જ જાણે.''

જન્મસ્થળની બાજુમાં, **મા**એ સ્વયં આ સ્થળ વિષે જે કહ્યું છે, તે **મા**ની વાણી બંગાળીમાં લખેલી છે—

''એઈ સ્થાનટિ પવિત્રભાવે રાખલે તોમાદેરઈ મંગલ હોબે. એઈ સ્થાને વિશેષભાવે પ્રાર્થના કરલે ફલ પાબે. એઈ સ્થાનટિકે અપવિત્ર કરબે ના.''

''આ સ્થાનને પવિત્રરૂપે રાશો તો તમારું જ મંગળ થશે. આ સ્થાનમાં વિશેષરૂપે પ્રાર્થના કરવાથી ફળ મેળવશો. આ સ્થાનને અપવિત્ર કરશો નહિ.''

**મા**ના ઘરની બહાર તે સમયે સફેદ સુંવાળી રેતી હતી. **મા** પોતે તે વિષે કહેતાં કે હાથ ઉપર ચોંટે પણ નહિ, તરત ખરી પડે તેવી. નાની બાલિકાએ એક વાર એક રેતીનો સ્તૂપ બનાવ્યો, માતા બોલાવવા આવ્યાં કે કેટલો બધો તાપ પડે છે, ચાલ અંદર આવી જા, ત્યારે નિર્મલાએ કહ્યું - આની અંદર બધા ઠાકુર છે. વિ... અને પોતે એ ઢગલા પર બેસીને ખિલખિલાટ કરતી હસી, આકાશ સામે જોઈ, તાળી પાડીને ઊભી થઈ ગઈ, ઢગલો તૂટી ગયો.

આવું ઘણું બધું પુસ્તકમાં વાંચ્યું છે, તાદાત્મ્યનો અનુભવ થયો. તળાવની પેલે પાર જંગલ છે, તે સમયે પણ હતું, તે વિષેની વાતો ઘણી બધી છે. **મા** એમનાં ઠાકુરમા સાથે જંગલમાં ભાજી લેવા જતાં. એક વખત **મા** તળાવ પાસે હતાં ત્યારે એકાએક જંગલ બાજુ જઈને કોઈને જોવા માંડ્યાં, પછી દોડતાં-કૂદતાં આવીને માતાને કહ્યું, મોટા કૂતરાથી પણ બહુ મોટું - કાળું - સફેદ...... વિ.... એવું કોઈ **મા**એ જોયું. પ્રાણી શબ્દ **મા** બોલ્યાં નહોતાં. કયા રૂપમાં કોણ ઉદ્ધાર પામવા માટે આવ્યું હોય !

●

મંદિરમાં છેક અંદર જઈને વેદીને સ્પર્શ કરીને બધાંએ પ્રણામ





કર્યા અને પુષ્પમાળાઓ અર્પણ કરી. નવીનભાઈ અંદર જઈને પૂજા કરવા બેઠા. અંદર એક જ વ્યક્તિના બેસવા જેટલી જગ્યા છે. અમે પોતપોતાના પાઠ વિ. કર્યું. આરતી ગાઈ ત્યારે ''જય અંબે ગૌરી મૈયા''ના સ્વરો વાયુમંડળમાં છવાઈ ગયા. ગામના લોકો સ્ત્રી-પુરુષ-બાળકો પણ ભેગાં થઈ ગયાં હતાં. અમે સહુએ પ્રસાદ થોડો થોડો ઘરે લઈ જવા માટે લીધો, બાકીનો બધો ગામલોકોમાં વહેંચી દીધો. પૂજા શરૂ થઈ ને પૂરી થઈ ત્યાં સુધી લોકો ઘોંઘાટ વગર ઊભા જ રહ્યા હતા. આ લોકોના પૂર્વજો માના નાનપણના સાથીદારો હશે, માની બાળલીલાના સાક્ષી હશે ?

●

આજુબાજુ ફરીને એ વાતાવરણની કલ્પના કરતાં કરતાં, ફરતાં ફરતાં, તદ્દન બાજુમાં પણ થોડેક દૂર બે-એક ઝૂંપડાં દેખાયાં, ત્યાં જઈને મેં જેવાતેવા બંગાળીમાં વાત શરૂ કરી. ૪-૫ સ્ત્રીઓ મને ઘેરી વળી. એમાંની એકે કહ્યું કે મારા બાબા (પિતા)એ **મા**ને જોયાં હતાં, અને મારી પિશી (ફોઈ) **મા**ની સાથે રમતી. દાદા મહાશયના ઘરના સમયથી જ એ લોકોનું ઘર ત્યાં હતું એમ કહ્યું. એ સ્વચ્છ સુઘડ ઘર મુસલમાનોનું હતું. મેં કહ્યું કે 'માયેર કથા' પુસ્તકમાં ખેઓડા વિષે વાંચ્યું છે, તો કહે કે મને એ પુસ્તક આપો. મેં એમને પુસ્તકમાંથી થોડું વંચાવ્યું. એમણે એમ પણ કહ્યું કે પહેલાં તળાવ નાનું હતું, એને ખોદાવીને મોટું કરવામાં આવ્યું છે. હવે તો આશ્રમ તરફથી ત્યાં નીચે જવા માટે પગથિયાં પણ બનાવવામાં આવ્યાં છે. તળાવનું જળ અને માટી લઈને નાની બાટલીમાં ભર્યાં. જન્મસ્થાનની માટી પણ લીધી.

એ જોઈને બહુ આનંદ થયો કે અહીંના મુસલમાનો પણ બહુ ભલા છે. **મા**ના પિતા-માતા અહીં રહેતાં તે વખતે ગામમાં ત્રણ બાજુ

મુસલમાનો હતા. ગામમાં પશ્ચિમપાડામાં બે જ ઘર ભટ્ટાચાર્ય બ્રાહ્મણોનાં હતાં. ગામ તે વખતે બહુ મોટું નહોતું. બ્રાહ્મણોનાં ઘર ઓછાં હતાં, થોડાં કાયસ્થોનાં, અને વધારે મુસલમાનો તથા અન્ય જાતિનાં. પશ્ચિમપાડામાં દાદા મહાશયના ઘરની ત્રણે બાજુ મુસલમાનો હતા. તેમાંનું એક ઘર આ મુસલમાનનું હતું. ચોમાસામાં ઘરની ત્રણે બાજુ પાણી ભરાઈ જતું. પૂર્વપાડામાં બ્રાહ્મણોનાં ૯-૧૦ ઘર હતાં. કાયસ્થોનાં ૧૪-૧૫ અને બીજા મુસલમાનોનાં વધારે.

તે વખતે **મા**ના ઘરમાં બે જ ઓરડા હતા, એક રસોઈનો અને બીજો સૂવાનો. ઘર માટી-ગોબરથી લીંપેલું, ભીંતો ચટાઈની અને છાપરું ફૂસનું એટલે કે સૂકા ઘાસથી છાયેલું હતું.

સમસ્ત જૂના ત્રિપૂરામાં અર્થાત્ આગરતલાથી માંડીને ખેઓડા વિ. બ્રાહ્મનબાડિયાનાં પણ ગામોમાં બહુ જ સુંદર રીતે વણેલી ચટાઈઓને ખૂબ જ સુઘડતાથી refined રીતે ભીંતો તરીકે બેસાડેલી છે. આપણને જોઈને આશ્ચર્ય થાય. એ ઝૂંપડાંમાં દરિદ્રતા નહિ પણ કલાત્મકતા ને સ્વચ્છતા દેખાય છે.

●

થોડેક જ દૂર આપણો આશ્રમ છે, જ્યાં પાસે જ વિદ્યાલય છે. વિદ્યાલયના ટેબલ-ખુરશીવાળા એક રૂમમાં બેસીને અમે સાથે લાવેલો નાસ્તો કર્યો. આ જ આજનું ભોજન હતું, કારણ હવે 'ચાલના' અને 'વિદ્યાકૂટ' જવાનું હતું. પિનાકીદા ચુસ્ત ધર્મ પાળે છે. એમણે પાણી સુદ્ધાં ન પીધું. ખેઓડા આશ્રમની કમિટિના પ્રેસિડંટ શ્રી નુરુલ હક વૃદ્ધ હોવા છતાં મળવા આવ્યા, પરંતુ અમારી સાથે કંઈ જ ખાધું નહિ. આશ્રમના વાઈસ પ્રેસિડન્ટ શ્રી પિનાકી ભટ્ટાચારજી તો અમારી સાથે જ હતા !





## ચાલના

ચાલના કોમિલ્લામાં આવેલું છે, પરંતુ ખેઓડાથી લગભગ ૨૫ કિ.મી.દૂર છે. રસ્તો સારો છે. **મા** જ્યારે ૭-૮ વર્ષનાં હતાં ત્યારે 'બડોમા' સાથે ચાલના ગયાં હતાં. ચાલનાનું બીજું નામ ચાંદલા પણ છે. **મા** ગયાં તે દિવસે ચાલનામાં મેળો ભરાયેલો હતો. શિવમંદિરની પશ્ચિમે એક વિશાળ વટવૃક્ષ હતું જેની નીચે બાળકોના મુંડન કર્યા પછીના વાળ પધરાવવામાં આવતા. **મા**ને એ ઝાડ નીચે બેસાડીને 'બડોમા' બજારમાં કંઈ ખરીદવા માટે ગયાં. નિર્મલાએ ત્યાં બેઠાં બેઠાં જ જોયું કે એક મંદિર છે જેમાં કોઈ વિગ્રહ નથી, અને સામે તળાવ છે. તેમાં શિવજી જળમાં અંદર જાય છે અને પાછા બહાર આવે છે એમ ક્રીડા કરે છે. 'બડોમા' પાછાં આવ્યાં ત્યારે **મા**એ કહ્યું છતાં કોઈએ માન્યું નહિ. મંદિરમાં શિવલિંગનાં દર્શન કરીને બધાં જ્યારે ખેઓડા પાછાં ગયાં ત્યારે કોઈના દ્વારા જાણવા મળ્યું કે ચાલનાના શિવમંદિરમાંથી કોઈ કોઈ વાર શિવ અદૃશ્ય થઈ જાય છે અને તળાવમાંથી મળે છે !

એ સમયનું વટવૃક્ષ તો અત્યારે નથી, પણ એ જ્યાં હતું તેની સામેની બાજુએ એક મોટું પીપળાનું વૃક્ષ છે જેની નીચે બાળકોના વાળ પધરાવવામાં આવે છે. ત્યાંના લોકો એ ઝાડને બંગાળીમાં 'અશ્વત્થબટ' કહે છે. મંદિરની બન્ને બાજુ તળાવ છે. દાખલ થતાં ડાબી બાજુનું તળાવ એ છે જેમાં **મા**એ શિવજીને ડૂબકી મારતા જોયા હતા.

મંદિરની બહાર ચોક છે. ચારે બાજુ ખૂબ સ્વચ્છતા દેખાતી હતી. મંદિરને જાળીવાળું બારણું હતું, તેમાંથી અમે દર્શન કર્યાં. શિવલિંગ ઘણું મોટું છે અને કમળની પાંખડીઓની વચ્ચે વિરાજમાન્ છે.

પરંપરાગત રૂપનું લિંગ કે યોનિ જોવામાં ન આવ્યાં. મંદિરની

બહાર બલિ માટેનું સ્થાન છે. બંગદેશમાં કાલીમા સિવાય શિવજીને પણ બલિ અર્પણ કરવાની પ્રથા દેખાય છે.

થોડીક વાર બેસીને અમે વિદ્યાકૂટ જવા નીકળ્યાં.

## વિદ્યાકૂટ

વિદ્યાકૂટ શબ્દથી જણાઈ આવે છે તેમ ત્યાં શાસ્ત્રમાં પારંગત વિશેષત: ભટ્ટાચાર્ય પંડિતોનો વાસ હતો, તેથી વિદ્યાનું ઉચ્ચ શિખર એવું નામ પડ્યું હતું. **મા**ના પિતાના પિતાનું સ્થાન વિદ્યાકૂટ હતું, પરંતુ એમનાં માતા એટલે કે **મા**નાં દાદી (ઠાકુરમા) એમના પિતૃગૃહે ખેઓડામાં રહેવા આવી ગયાં હતાં. પછીથી દાદામહાશય ખેઓડાનું ઘર વેચીને પાછા વિદ્યાકૂટ રહેવા ગયા. વિદ્યાકૂટનું ઘર તો તેઓ ખેઓડામાં રહેતા હોવા છતાં હતું જ. વિદ્યાકૂટમાં એમનાં ખેતરો હતાં, જમીન હતી.

**મા** જ્યારે ૯-૧૦ મહીનાનાં હતાં તે સમયની વિદ્યાકૂટની એક અલૌકિક ઘટના **મા**નાં માતા દિદિમાએ પોતે કહી છે. દિદિમા રસોઈ કરતાં હતાં, **મા** પાસે હતાં, એક દીર્ઘકાય મહાત્મા આવ્યા, **મા**ની પૂજા કરી, **મા** એમની સામે ઓળખતાં હોય તેમ હસતાં રહ્યાં, **મા**ને ઊચકીને **મા**નાં ચરણ પોતાના માથા પર મૂકીને દિદિમાને કહ્યું, **"આ જે જુઓ છો—આ 'મા' છે—સ્ત્રી-પુરુષમાં નથી, વિશ્વ-વિશ્વાતીત—ઘરમાં નહિ રાખી શકો—રહેશે પણ નહિ (ઘરમાં)"** અને પછી અદૃશ્ય !

**'મા' સંબોધન સર્વપ્રથમ વિદ્યાકૂટમાં થયું માની ૯ મહીનાની વયમાં.**

**મા** ઘણી વાર વિદ્યાકૂટમાં રહ્યાં છે. લગભગ ૧૮ વર્ષની વયે ભોલાનાથજી સાથે માતાપિતાને ત્યાં વિદ્યાકૂટમાં થોડો સમય હતાં. ત્યાંથી અષ્ટગ્રામ ગયાં, જ્યાં ૧ વર્ષ ને ૪ મહીના સુધી રહ્યા પછી ૩





વર્ષ વિદ્યાકૂટ રહ્યાં હતાં. બાજિતપુર ગયા પછી પણ વચ્ચે વિદ્યાકૂટ આવ્યાં હતાં. અહીં પણ ભાવસમાધિ થતી પણ કોઈને ખબર ન પડે એવો **મા**નો 'ખ્યાલ' રહેતો.

અષ્ટગ્રામમાં ભાવાવસ્થા વારંવાર થતી તેથી લોકોમાં એ વાતનો પ્રચાર થયો. ત્યાર પછી **મા** ફરીથી વિદ્યાકૂટ આવ્યાં, તે સમયે ત્યાંના વિદ્વાન પંડિતો **મા**ને પ્રશ્નો પૂછવા આવતા. **મા**થી ઘણા મોટા તથા પિતાના સગા થતા હોય તેવા પંડિતો પણ હતા જેઓ પોતાના પ્રશ્નોનું સમાધાન **મા** પાસેથી લેતા.

•

થોડાં વર્ષ પહેલાં પાટુનદા ગયા ત્યારે વિદ્યાકૂટમાં દાદા મહાશયના એ ઘરનો આખો base હતો. અમે મોટરમાંથી ઊતર્યાં એટલે પિનાકીદાએ કહ્યું કે 'ભટ્ટાચાર્ય બાડી' જવું છે. ગામના થોડા લોકો અમારી સાથે ચાલ્યા. પિનાકીદા આ સર્વ સ્થળે પાટુનદા સાથે આવી ગયા હતા, તેથી એમને ઘણી જાણકારી હતી.

થોડી વાર ચાલ્યા પછી અમે એક વિશાળ સ્વચ્છ પ્રાંગણમાં આવી પહોંચ્યાં જ્યાં બે ઘરો હતાં, બન્ને ચટાઈની ભીંતોવાળાં અને પતરાના છાપરાવાળાં હતાં. એ આખી જગ્યા બતાવીને કહ્યું કે આ જ ભટ્ટાચાર્ય બાડી છે. દાદામહાશયના ઘરની બાજુમાં એમના પૈતૃક ભાઈ વિ. રહેતા હતા. એક નામ છે અનંતબંધુ વિદ્યા વિનોદનું. **મા**ના પિતાના અનેક cousins પણ હતા, પિતાના મોટા ભાઈના પુત્ર-પુત્રવધૂ વિ. નો પણ ઉલ્લેખ છે, જેમાંના એક પુત્રનું નામ ઉપેંદ્રચંદ્ર ભટ્ટાચાર્ય હતું. અમે જે compound જોયું તેની બહાર અને આજુબાજુ આ બધાનાં ઘર હશે. આનું નામ જ 'ભટ્ટાચાર્ય બાડી' છે. દાદામહાશયનું જે ઘર હતું તે અમને

બતાવ્યું. અત્યારે જૂનું ઘર તો નથી, ઉપર કોઈ મુસલમાનનું ઘર ચટાઈનું બની ગયું છે, પરંતુ દરવાજાની નીચેથી જૂની ઈંટો-પત્થરો-માટીનું પ્લાસ્ટર બહાર પડતા દેખાય છે. પગથિયાં પણ કદાચ તે જ હશે.

અમે શ્રદ્ધાથી માથું સ્પર્શ કરીને પ્રણામ કર્યા. બાજુમાં મોટું તળાવ છે જે તે સમયે પણ હતું. **મા** ત્યાં સ્નાન કરતાં હશે.

અમે પાછા ફરવાની તૈયારી કરતાં હતાં, આકાશ વાદળછાયું હતું. થોડા છાંટા પડવા માંડ્યા, અમે ચાલ્યા તેટલામાં વરસાદ તૂટી પડ્યો. ભટ્ટાચાર્યબાડીમાં જે ભાઈ હતા તેમણે દુકાનવાળાને કહીને અમને બધાંને ગરમ ગરમ ઉકાળેલી કૉફી પીવડાવી. વરસાદમાં ભીંજાયેલાં હતાં એટલે ગરમ કૉફી ઘણી સારી લાગી. અમે મોટરમાં બેઠાં બેઠાં જ પીધી. બહાર લોકો ઊભા હતા, તેમાંના કેટલાકે અમારી સાથે વાતો શરૂ કરી. આ એક વાત ધ્યાન ખેંચે એવી છે કે ગમે ત્યાં જઈએ, લોકો જાણી જતા કે અમે ભારતીય છીએ, અને પછી પોતાનું કોઈને કોઈ Indian Connection બતાવતા. ત્યાંના લોકો બંગાળી સિવાય બીજી કોઈ જ ભાષા બોલતા નથી, હિંદી પણ નહિ અને અંગ્રેજી પણ નહિ. કોઈક જ વાર અડધું-પડધું અંગ્રેજી સમજનાર મળે. આ કારણે ભારતથી જનારે દુભાષિયાને સાથે રાખવો જરૂરી છે.

વિદ્યાકૂટ જતાં અમને લગભગ પોણોએક કલાક થયો હશે. રાત પડી ગઈ હતી, વરસાદ ચાલુ હતો. અમે બ્રાહ્મનબાડિયા જવા રવાના થયાં.

***





## અષ્ટગ્રામ

**૧૨-૫-૦૭** **વૈશાખ વદ ૧૦**

**મા**એ પતિ રમણીમોહન ચક્રવર્તીને ભોલાનાથ નામ આપ્યું હતું. લગ્ન વખતે બંગાળના બ્રાહ્મણોની પ્રથાનુસાર **મા**ની ઉંમર ૧૨ વર્ષ ને ૧૦ મહીનાની હતી તથા ભોલાનાથજીની ૨૮ વર્ષ. લગ્ન પછી સૌ પ્રથમવાર **મા** એમની સાથે રહેવા આવ્યાં અષ્ટગ્રામમાં, જ્યારે **મા**ની ઉંમર હતી ૧૮ વર્ષ. અષ્ટગ્રામમાં આવતાં જ **મા**ની ભાવાવસ્થા પ્રગટ થવા માંડી, શરીરમાં વિવિધ યૌગિક ક્રિયાઓ દૃષ્ટિગોચર થવા લાગી. એક વાર પ્રથમ વારની સમાધિ બે દિવસ રહી, ત્રીજે દિવસે ધીમે ધીમે બાહ્ય જ્ઞાન આવતું ગયું. **મા**નું શરીર અસ્વાભાવિક અવસ્થામાં આવી જતું. આ બધી અવસ્થાઓના ભોલાનાથજી મૌન સાક્ષીરૂપે રહ્યા. તેઓ **મા**ને એવી રીતે સાચવતા કે જેમ પિતા પોતાની નાની પુત્રીને સાચવે ખૂબ ચિંતાથી, ભયથી, આશંકાથી અને વિસ્મયથી. એમની વચ્ચે પતિ-પત્નીનો સંબંધ કદી બંધાયો ન હતો. અષ્ટગ્રામથી જ **મા**ની ભાવાવસ્થા ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી ગઈ. ભોલાનાથજી મૂક દર્શકની જેમ **મા**ની આપોઆપ થતી યૌગિક ક્રિયાઓ તથા ભાવાવસ્થાથી થતાં દૈહિક પરિવર્તનોને કારણે ભયભીત અને આશ્ચર્યચકિત થઈ જતા. **મા** જ્યારે લોકાલયમાં માતૃસ્વરૂપે પ્રગટ થયાં, ત્યારે **મા**ના માર્ગદર્શનમાં ભોલાનાથજીની તીવ્ર તપસ્યાનો આરંભ થયો. કેટલીક વાર આખી રાત તેઓ ધ્યાનસ્થ બેસી રહેતા. પૂર્વજન્મમાં તેઓ ઉચ્ચ કોટિના સાધક હતા, એમની સાધનાભૂમિ તેમ જ પૂર્વ દેહની સમાધિ પણ **મા**એ એમને બતાવી હતી. એમનામાં પહેલેથી જ બાલસુલભ નિર્દોષતા, નિર્મોહીપણું અને વૈરાગ્યભાવ હતો, જે વૈરાગ્ય તીવ્રરૂપે વધતો ગયો. છેવટે કૈલાસ-

માનસરોવરમાં **મા**ને શ્રીમુખેથી સંન્યાસમંત્ર મેળવીને, હરિદ્વારમાં **મા**ના આદેશાનુસાર સંન્યાસપ્રક્રિયામાંથી પસાર થઈને, દેહરાદૂન આશ્રમમાં **શ્રીશ્રીમા** પ્રત્યે સંપૂર્ણ માતૃભાવ સાથે **મા**ની ઉપસ્થિતિમાં ૧૯૩૮માં એમણે દેહત્યાગ કર્યો.

**મા** સુલતાનપુર મામાને ઘરેથી વિદ્યાકૂટ આવ્યાં, અને ત્યાંથી ભોલાનાથજી સાથે અષ્ટગ્રામ આવ્યાં, તે ૧૯૧૪માં જ્યારે **મા** ૧૮ કે ૧૯ વર્ષનાં હતાં. અષ્ટગ્રામમાં **મા** ૧ વર્ષ અને ૪ મહીના સુધી રહ્યાં હતાં. અષ્ટગ્રામમાં ઢાકાના નવાબની કચેરીમાં બોલાનાથજીને નોકરી મળી હતી.

અષ્ટગ્રામમાં જમીનદાર જયશંકર સેનનું પાક્કું મકાન હતું. ત્યાં કેટલાંક સ્વતંત્ર કાચાં ઘર હતાં. જેમાંના એકમાં ભોલાનાથજી રહેતા. એમના સહકર્મચારીઓ ક્ષેત્રબાબુ અને મધુબાબુ પણ ત્યાં રહેતા હતા. મધુબાબુનું ઘર ભોલાનાથજી જોડેનું હતું, અને ભોલાનાથજીનું છેક છેડાનું હતું. ઘરની બહાર **મા**નો તુલસીક્યારો હતો. કંપાઉંડની એક બાજુ વાંસની ગીચ ઝાડી હતી, થોડે દૂર બીજી બાજુ રસ્તો હતો જેની બાજુમાંથી નહેર જતી હતી, ત્રીજી બાજુ બગીચો હતો જે જંગલ જેવો જ હતો, અને ચોથી બાજુ તળાવ હતું. નહેર બાજુ ચટાઈથી વાડ બનાવેલી હતી. **મા**ના ઘરને ચટાઈની ભીંતો હતી અને પતરાનું છાપરું હતું. ઘરથી લગભગ ૫ થી ૭ ક્યુબીટ દૂર એક લીમડાનું ઝાડ હતું. તળાવને પેલે પાર ગામની વસ્તી હતી. આવા પરિવેશમાં **મા** સંપૂર્ણ એકાંતમાં રહેતાં.

સામેના તળાવને પેલે કાંઠે એક શિવમંદિર હતું જ્યાં પ્રતિદિન સંધ્યાકાળે કીર્તન થતું. **મા**ના તુલસીક્યારા પાસે જ્યારે પ્રથમ 'હરિલૂટ'





કીર્તન થયું ત્યારે એ શિવમંદિરમાં કીર્તન કરનારાઓ પણ ભાગ લેવા આવ્યા હતા.

જયશંકર સેનના કુટુંબમાં એમનાં પત્ની, પુત્ર શારદાબાબુ અને સાળો હરકુમાર હતાં. હરકુમારની સામે **મા** અવગુંઠનમાં રહેતાં, વાત ન કરતાં. **મા**નું મુખ પણ એણે જોયું ન હતું, છતાં રોજ દૂરથી પ્રણામ કરતો. એણે એકવાર **મા**ને કહ્યું, કે ''આજે હું તને **મા** કહું છું, એક દિવસ આખું જગત તને મા કહેશે.''

**વિદ્યાકૂટમાં માને ૯-૧૦ મહીનાની ઉંમરે પ્રથમ વાર 'મા' સંબોધન કરવામાં આવ્યું.**

**દ્વિતીય વાર અષ્ટગ્રામમાં 'મા' સંબોધન થયું.**

**બાજિતપુરમાં માને સ્વમુખેથી પ્રગટ થયું—''પૂર્ણ' બ્રહ્મ નારાયણ.''**

અહીં પ્રથમ કીર્તનમાં જ **મા**ને ભાવ થયો. બીજા, ત્રીજા અને ચોથા કીર્તનમાં પણ ઉત્તરોત્તર ભાવ થયો. **મા**ના દેહમાંથી નિતાઈ-નિમાઈ પ્રગટ થયા, કીર્તનવાળો કક્ષ દિવ્ય પ્રકાશથી છવાઈ ગયો.

'હરિ' નામથી **મા**ની અંદર ભાવપ્રકાશ થતો, દેહમાં યૌગિક ક્રિયાઓ થતી, આપોઆપ હાથની સહાયતા વગર સિદ્ધાસન, પદ્માસન વિ. અનેક આસનો થઈ જતાં. એક વાર મત્સ્યાસનમાં જીભ બહાર નીકળીને માથા ઉપર થઈને પાછળ ભૂમિને અડકી ગઈ હતી. **મા**ની એ ભાવદશાનું જે વર્ણન વાંચ્યું છે તે અદ્‌ભુત છે.

**મા**ની જીવનલીલા જોતાં હરિ નામકીર્તનનું માહાત્મ્ય સમજાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે પરમતત્ત્વની પ્રાપ્તિ માટે સત્યુગમાં તપ,

ત્રેતામાં યજ્ઞ, દ્વાપરમાં યોગ અને કલિયુગમાં છે કેવળ હરિનું નામ. સત્યુગનાં હજારો વર્ષના તપનું ફળ કલિયુગમાં માત્ર ''નામ'' થી પ્રાપ્ત થાય છે.

हरेर्नाम हरेर्नाम हरेर्नामैव केवलम् ।

कलौ नास्त्यैव नास्त्यैव नास्त्यैव गतिरन्यथा ॥

અષ્ટગ્રામમાં સંતાનના નામ ઉપરથી વ્યક્તિ ઓળખાતી, જેમ કે અમુકની મા. જયશંકર સેનનાં પત્નીએ **મા**ને કહ્યું કે તમે સર્વદા આનંદમાં રહો છો, હસતાં રહો છો, તેથી તમારું સંતાન 'ખુશી' અને તમારું નામ 'ખુશીર મા'. **મા** અલૌકિકરૂપે સુંદર હતાં તેથી એમનું બીજું નામ પડ્યું 'રાંગાદિદિ'.

●

ગઈ કાલે બાજિતપુરથી આવ્યાં ત્યારે વરસાદ હતો. રાત્રે સૂતી વખતે પણ વરસાદ ચાલુ હતો. આજે સવારે પણ વરસાદ છે. વચ્ચે વચ્ચે બંધ પડે છે, પરંતુ આકાશ વાદળછાયું છે. પિનાકીદાએ ગઈ રાત્રે નક્કી કર્યું છે કે વરસાદ છે તેથી બાજિતપુર જઈને પહેલાં તપાસ કરવી પડશે કે અષ્ટગ્રામ જવા જેવું છે કે નહિ ? નાવ જશે કે નહિ ? પણ નીકળ્યાં ત્યારે સીધા અષ્ટગ્રામ માટે જ્યાંથી નાંવ મળે છે ત્યાં જ પહોંચી ગયાં. વરસાદ પણ બંધ થઈ ગયો.

બ્રાહ્મનબાડિયાથી નીકળતાં પહેલાં હોટેલમાં અમલાના કૂકરમાં અમલાએ અને નીતાએ પુલાવ બનાવીને સાથે લઈ લીધો હતો. બીજાંઓએ પણ નાસ્તો અને પીવાનું પાણી લીધું હતું, કારણ આજે આવવા-જવાના જ દસ કલાક થવાના હતા, તે ઉપરાંત અષ્ટગ્રામમાં જેટલો સમય લાગે તે વધારાનો. પિનાકીદાએ સવારે ઘરે ખાઈ લીધા





પછી રાત્રે ઘરે આવ્યા ત્યાં સુધી કંઈ જ ખાધું-પીધું નહિ. તેઓ અત્યંત શુદ્ધાચાર પાળે છે, એક આસને ટટાર બેસીને ૭૪ વર્ષની ઉંમરે પણ કલાકો પસાર કરી શકે છે.

અમે બે મોટરોમાં દોઢ કલાકના ડ્રાઈવ બાદ 'કુલિયારચર' નામના એક સ્થળે બ્રાહ્મનબાડિયાની ઉત્તર-પશ્ચિમ દિશામાં આવી પહોંચ્યાં. ત્યાંથી પિનાકીદાએ ૧૬૦૦ 'ટાકા'માં એક મોટરબોટ નક્કી કરી. અમારે રસ્તામાં ત્રણ નદીઓ પસાર કરવાની હતી. જ્યાંથી બેઠાં તે મેઘના નદીની પ્રશાખા કાલી કે કાલિયા હતી, આગળ બ્રહ્મપુત્ર તથા મેઘના આવે છે. નદીનો જ્યાં વિશાળ પટ છે તે જોઈને જ ખ્યાલ આવી જાય છે કે આ બ્રહ્મપુત્ર છે. નદીઓ બધી શાંત છે. અમે બાંગ્લાદેશ જવા નીકળ્યાં તે પહેલાં ભારતમાં જ પિનાકીદાનો સંદેશો આવ્યો હતો કે વરસાદને લીધે નદીમાં પાણી વધ્યું છે અને વાવાઝોડાને કારણે અષ્ટગ્રામ નહિ જ જવાય. તેમ છતાં અંતરમાં વિશ્વાસ હતો અને તીવ્ર ઈચ્છા તથા સંકલ્પ હતો કે જઈશું જ. **મા** કહે છે—**''સત્ સંકલ્પ પૂર્ણ હોતા હૈ.''** આજે ખૂબ આનંદ હતો.

મોટરબોટ છાપરાવાળી હતી. નીચે ચટાઈ પાથરેલી હતી, તેના પર બેસી ગયાં. થોડી વાર પછી તરુણભાઈથી સૂવાની શરૂઆત થઈ અને ધીમે ધીમે બધાં લાંબા થઈને સૂઈ ગયાં. અમલા ને હું વધારે સમય બેસી રહ્યાં. મનમાં કંઈક અદ્ભુત પ્રતિક્રિયાઓ થતી હતી. કેટલાં વર્ષોથી અષ્ટગ્રામનું માનસિક ચિત્ર જોયા કર્યું છે, આજે ચર્મચક્ષુથી જોવા મળશે, ભૂમિને મસ્તક સ્પર્શ કરશે !

બપોરે સૂતેલાંઓને જગાડીને જમવાનું બોટમાં જ પતાવ્યું. બરાબર સાડા ત્રણ કલાક પછી બોટની ગતિ ધીમી થઈ ગઈ અને ડાબે

કિનારે દૂરથી વસ્તી જેવું દેખાવા માંડ્યું. એ જ અષ્ટગ્રામ ! અત્યારે આ લેખમાં હું વધારે પડતી વ્યક્તિગત થઈ ગઈ છું, કારણકે મારે માટે આખા બાંગ્લાદેશમાં અષ્ટગ્રામનું સૌથી વધારે આકર્ષણ હતું. આમ તો ખેઓડા, શાહબાગ અને સુલતાનપુર પણ જોતાં પહેલાં જ કલ્પનામાં અંકિત થઈ ગયાં હતાં.

બોટમાંથી ઊતર્યા પછી થોડો ઢાળ ચઢીને બજાર બાજુ જઈએ, ત્યારે સાઈકલ રિક્ષા મળે છે, પરંતુ અમે ઢાળ ચઢવાની જ્યાંથી શરૂઆત થાય છે ત્યાં સુધી પહોંચ્યાં એટલે પિનાકીદાએ કોઈને કહ્યું કે અમારે 'સેનબાડી' જવું છે, રિક્ષા મંગાવી આપો. પાંચેક મિનિટમાં જ પાંચ સાઈકલ રિક્ષાઓ આવી ગઈ. બજાર પછી હવે એકાદ- બે કિલોમીટર રિક્ષામાં જવાનું છે. બજાર પછી રિક્ષા ગામમાં થઈને પાક્કા રસ્તે અને ત્યાર બાદ માટીમાંથી ઉબડ-ખાબડ કાચે રસ્તે જાય છે.

એકાએક રિક્ષા ઊભી રહી ગઈ કે હવે આગળ નહિ જાય. અમે ઊતરીને થોડુંક જ ચાલ્યાં ત્યાં જોયું તો પેલું શિવમંદિર, જ્યાં રોજ કીર્તન થતું ને **મા**ને ત્યાં સંભળાતું ! મંદિર ઘણું પ્રાચીન છે. સીધું લાલ રંગનું ઊભું શિખર છે, બહારથી ભગ્નાવસ્થામાં છે. ખૂબ એકાંત સ્થાન છે. એક બાજુ તળાવ છે જેને પેલે પાર જયશંકર સેનનું મકાન અત્યારે પણ ઝાડી વચ્ચેથી દેખાય છે, બીજી બાજુ રસ્તો અને નહેર છે. બાબરીકાંડ વખતે આ મંદિરને નુકશાન પહોંચાડેલું, લિંગ પણ ખસેડી દીધું હતું, પછીથી વારાણસી આશ્રમની મદદથી પિનાકીદાએ નવા શિવલિંગની પ્રતિષ્ઠા કરી છે.

ત્યાં મંદિરની પૃષ્ઠભૂમિમાં બધાના ફોટા પાડ્યા. હવે અમે આગળ ચાલ્યાં. મંદિરને જમણે હાથે રાખીને સીધી પગદંડી પર થોડેક





આગળ જઈને જમણે હાથે વળ્યાં કે તરત જ ત્યાં જોયું જયશંકર સેનનું મકાન. પીળા રંગનું મકાન છે સાધારણ મોટું, ઉપર માળ નથી, ૪-૫ arches મકાનના આગળના અને પાછળના ભાગમાં છે. આગળ-પાછળથી મકાન એકસરખું દેખાય છે. મકાનની આગલા ભાગમાં ખુલ્લી જગ્યા છે જેમાં બન્ને બાજુ બે-ચાર ચટાઈનાં ઘરો છે, તે જ પ્રમાણે પાછલા ભાગમાં પણ એવી જ ખુલ્લી જગ્યામાં ત્રણ-ચાર ઘરો છે.

અમે શિવમંદિર આગળ ઊભાં હતાં, ત્યારે કોઈ જઈને એ મકાનમાં અત્યારે રહેતા શ્રી ધ્રુવકુમાર રૉયને બોલાવી લાવ્યું, જેમનો ફોન નંબર પાટુનદાએ મને આપી રાખ્યો હતો. તેઓ અમને સાથે લઈ ગયા. પૂછપરછ કરતાં જાણ્યું કે તેઓ **મા** વિષે ખાસ કંઈ જ જાણતા ન હતા, આથી અમે લોકોએ જાતે જ 'સર્વે' કરવાનું શરૂ કર્યું. અત્યારે પણ વર્ણન પ્રમાણેનો પરિવેશ છે—નહેર, રસ્તો, તળાવ, મંદિર, વાંસનું જંગલ......

એક બાજુ માટીના થરના ઢગલાથી બનેલા નાનકડા ટેકરા જેવું હતું, જેની નીચેથી જૂની ભગ્ન ઈંટો-પથ્થરો દેખાતાં હતાં. કોઈને પૂછ્યું કે આ શું છે, તો કહ્યું કે અહીં ઠાકુરને માટેનો ભોગ રાંધવાનું રસોડું હતું— ''ભોગેર રાન્નાઘર'' આ ટેકરા નીચેની ઈંટો એ રસોડાની જ છે ! જયશંકર સેનના ઘરમાં જ્યારે કીર્તન થયું ત્યારે ભોલાનાથજીએ **મા**ને કહ્યું હતું કે બધાં જ અહીં પ્રસાદ લેશે, માટે ભોગની રસોઈ બનાવવી. **મા** એકલાં જ રસોઈ કરતાં, અને કદીયે જમનારની સંખ્યા પ્રમાણે માપ લઈને ન કરતાં, છતાં બધાં તૃપ્તિથી જમતાં. **મા** રસોડા બાજુ આવ-જા કરતાં હતાં, ખૂબ ઝડપથી, ધીરે ધીરે ભાવાવસ્થા થવા માંડી અને **મા**નું શરીર અવશ થઈને ઢળી પડ્યું. એ અવસ્થામાં આંસૂની ધારા પિચકારીની જેમ પડતી, કપડાં ભીનાં થઈ જતાં, શરીર પોચું થઈ જતું,

કિનારે દૂરથી વસ્તી જેવું દેખાવા માંડ્યું. એ જ અષ્ટગ્રામ ! અત્યારે આ લેખમાં હું વધારે પડતી વ્યક્તિગત થઈ ગઈ છું, કારણકે મારે માટે આખા બાંગ્લાદેશમાં અષ્ટગ્રામનું સૌથી વધારે આકર્ષણ હતું. આમ તો ખેઓડા, શાહબાગ અને સુલતાનપુર પણ જોતાં પહેલાં જ કલ્પનામાં અંકિત થઈ ગયાં હતાં.

બોટમાંથી ઊતર્યા પછી થોડો ઢાળ ચઢીને બજાર બાજુ જઈએ, ત્યારે સાઈકલ રિક્ષા મળે છે, પરંતુ અમે ઢાળ ચઢવાની જ્યાંથી શરૂઆત થાય છે ત્યાં સુધી પહોંચ્યાં એટલે પિનાકીદાએ કોઈને કહ્યું કે અમારે 'સેનબાડી' જવું છે, રિક્ષા મંગાવી આપો. પાંચેક મિનિટમાં જ પાંચ સાઈકલ રિક્ષાઓ આવી ગઈ. બજાર પછી હવે એકાદ- બે કિલોમીટર રિક્ષામાં જવાનું છે. બજાર પછી રિક્ષા ગામમાં થઈને પાક્કા રસ્તે અને ત્યાર બાદ માટીમાંથી ઉબડ-ખાબડ કાચે રસ્તે જાય છે.

એકાએક રિક્ષા ઊભી રહી ગઈ કે હવે આગળ નહિ જાય. અમે ઊતરીને થોડુંક જ ચાલ્યાં ત્યાં જોયું તો પેલું શિવમંદિર, જ્યાં રોજ કીર્તન થતું ને **મા**ને ત્યાં સંભળાતું ! મંદિર ઘણું પ્રાચીન છે. સીધું લાલ રંગનું ઊભું શિખર છે, બહારથી ભગ્નાવસ્થામાં છે. ખૂબ એકાંત સ્થાન છે. એક બાજુ તળાવ છે જેને પેલે પાર જયશંકર સેનનું મકાન અત્યારે પણ ઝાડી વચ્ચેથી દેખાય છે, બીજી બાજુ રસ્તો અને નહેર છે. બાબરીકાંડ વખતે આ મંદિરને નુકશાન પહોંચાડેલું, લિંગ પણ ખસેડી દીધું હતું, પછીથી વારાણસી આશ્રમની મદદથી પિનાકીદાએ નવા શિવલિંગની પ્રતિષ્ઠા કરી છે.

ત્યાં મંદિરની પૃષ્ઠભૂમિમાં બધાના ફોટા પાડ્યા. હવે અમે આગળ ચાલ્યાં. મંદિરને જમણે હાથે રાખીને સીધી પગદંડી પર થોડેક





આગળ જઈને જમણે હાથે વળ્યાં કે તરત જ ત્યાં જોયું જયશંકર સેનનું મકાન. પીળા રંગનું મકાન છે સાધારણ મોટું, ઉપર માળ નથી, ૪-૫ arches મકાનના આગળના અને પાછળના ભાગમાં છે. આગળ-પાછળથી મકાન એકસરખું દેખાય છે. મકાનની આગલા ભાગમાં ખુલ્લી જગ્યા છે જેમાં બન્ને બાજુ બે-ચાર ચટાઈનાં ઘરો છે, તે જ પ્રમાણે પાછલા ભાગમાં પણ એવી જ ખુલ્લી જગ્યામાં ત્રણ-ચાર ઘરો છે.

અમે શિવમંદિર આગળ ઊભાં હતાં, ત્યારે કોઈ જઈને એ મકાનમાં અત્યારે રહેતા શ્રી ધ્રુવકુમાર રૉયને બોલાવી લાવ્યું, જેમનો ફોન નંબર પાટુનદાએ મને આપી રાખ્યો હતો. તેઓ અમને સાથે લઈ ગયા. પૂછપરછ કરતાં જાણ્યું કે તેઓ **મા** વિષે ખાસ કંઈ જ જાણતા ન હતા, આથી અમે લોકોએ જાતે જ 'સર્વે' કરવાનું શરૂ કર્યું. અત્યારે પણ વર્ણન પ્રમાણેનો પરિવેશ છે—નહેર, રસ્તો, તળાવ, મંદિર, વાંસનું જંગલ......

એક બાજુ માટીના થરના ઢગલાથી બનેલા નાનકડા ટેકરા જેવું હતું, જેની નીચેથી જૂની ભગ્ન ઈંટો-પથ્થરો દેખાતાં હતાં. કોઈને પૂછ્યું કે આ શું છે, તો કહ્યું કે અહીં ઠાકુરને માટેનો ભોગ રાંધવાનું રસોડું હતું— ''ભોગેર રાન્નાઘર'' આ ટેકરા નીચેની ઈંટો એ રસોડાની જ છે ! જયશંકર સેનના ઘરમાં જ્યારે કીર્તન થયું ત્યારે ભોલાનાથજીએ **મા**ને કહ્યું હતું કે બધાં જ અહીં પ્રસાદ લેશે, માટે ભોગની રસોઈ બનાવવી. **મા** એકલાં જ રસોઈ કરતાં, અને કદીયે જમનારની સંખ્યા પ્રમાણે માપ લઈને ન કરતાં, છતાં બધાં તૃપ્તિથી જમતાં. **મા** રસોડા બાજુ આવ-જા કરતાં હતાં, ખૂબ ઝડપથી, ધીરે ધીરે ભાવાવસ્થા થવા માંડી અને **મા**નું શરીર અવશ થઈને ઢળી પડ્યું. એ અવસ્થામાં આંસૂની ધારા પિચકારીની જેમ પડતી, કપડાં ભીનાં થઈ જતાં, શરીર પોચું થઈ જતું,

ઠંડું પડી જતું, અંદરની ગ્રંથિઓ ખુલી જતી, શરીરમાં જે ધ્રૂજારી થતી તેના જોર વડે શરીર જમીનથી અદ્ધર થઈ જતું. માની પ્રથમ ભાવસમાધિ ત્રણ દિવસ સુધી રહી હતી. ત્રીજે દિવસે માના દેહમાં બાહ્ય પ્રતિક્રિયા અલ્પમાત્રામાં દેખાવાની શરૂ થઈ. કેટકેટલાં વર્ણન છે જે અહીં લખી શકાય તેમ નથી.

અમે મકાનની આજુબાજુ ફર્યાં, પરિવેશ જાણવાનો પ્રયત્ન કર્યો, ઉપર ચઢીને મકાનની અંદર ડોકિયું કર્યું. આ ઘરના હૉલમાં એકવાર કીર્તન થતું હતું ત્યારે **મા** ઘરના પાછલા ભાગમાં ખાટલા પર બેઠાં હતાં, ભાવાવસ્થામાં અડધું શરીર નીચે ઢળી પડ્યું હતું.

ભૂમિને માથું સ્પર્શ કરીને અમે શિવમંદિર તરફ ગયાં. એક ભણેલા-ગણેલા જેવા યુવક સાથે વાતો કરતાં જાણવા મળ્યું કે ૧૯૪૭માં જયશંકર સેન એમના પરિવારને લઈને ભારત જતા રહ્યા. મકાન વેચી દીધું કે છોડી દીધું તે ખબર નથી. તેમના ગયા બાદ એક એસ. રૉય નામના સાહિત્યકાર ત્યાં રહેવા આવ્યા અને અત્યારે જેઓ રહે છે તે તેમના પુત્ર છે. પિનાકીદા એ વાતો કરનાર યુવકને ઘરે અમને લઈ ગયા, ત્યાં કૉફી વિ. બધાને ખૂબ આગ્રહપૂર્વક પીવડાવી. એ લોકો પિનાકીદાના પરિચિત હતા. એ ઘરના સજ્જને એક જગ્યા વિષે અમને વાત કરી કે જ્યાં ભોલાનાથજીની કચેરી (ઑફિસ) હતી. અમારી પાંચ રિક્ષાઓનો કાફલો ત્યાં પહોંચ્યો. ગામલોકો ભેગા થઈ ગયા. એ લોકોને નવાઈ લાગી હશે કે આ જુદા જુદા પોષાકવાળા લોકોની ટોળી ક્યાંથી આવી હશે, અને આ જૂની સરકારી કચેરીના મકાનના ફોટા કેમ પાડતા હશે, ત્યાં ઊતરીને શું જોતા હશે ? જ્યારે અમે પાછા ફર્યાં ત્યારે એક દૃશ્ય જોઈને હસવું આવી ગયું. રસ્તા પર ઊંચી રિક્ષામાં પિનાકીદા બેઠેલા છે અને નીચે ગામલોકોનું મોટું ટોળું એમની આજુબાજુ વીંટળાઈને ઊભું





છે, તથા તેઓ પ્રવચન આપતા હોય તેવી મુદ્રામાં અમારે વિષેની વાતો એમને કરી રહ્યા છે. લોકો ચુપચાપ આશ્ચર્યથી સાંભળીં રહ્યા છે.

ત્યાં પાંચેક એક સરખાં દેખાતાં મકાનો છે. એમાંનું સૌથી જૂનું છે તેમાં કદાચ ભોલાનાથજી બેસતા હશે. ફોટા પાડીને અમે મોટરબોટ બાજુ ચાલ્યાં. સાંજ પડી ગઈ હતી. બોટ ચાલ્યા પછી અડધાએક કલાકમાં સૂર્યાસ્ત થયો. શાંત વાતાવરણ, પ્રશાંત જળપ્રવાહ, સંધ્યાની આભા અને નીરવતામાં અંતરમાં ઘણું બધું ભરીને આજે જતાં હતાં. આંખમાં આંસૂ હતાં. **મા**ની કૃપાથી અષ્ટગ્રામ-દર્શન કરી આવ્યાં.

અંધારું થયું અને અમારામાંના ઘણા ત્યાં જ સૂઈ ગયા. અમે ચાર જણ બોટના છાપરાની બહાર આવીને ખુલ્લી જગ્યામાં સ્મૃતિ વાગોળવા બેઠા. ઉપર અસંખ્ય તારા ઝગમગતા હતા, સામે બ્રહ્મપુત્રનો વિશાળ પટ ફેલાયેલો હતો.

અમારી મોટરો રાહ જોતી ઊભી હતી. પિનાકીદાએ ઘરે જઈને ભાવપૂર્વક જમાડ્યાં.

* * *

## બાજિતપુર

**૧૩-૫-૦૭** **વૈશાખ વદ ૧૧**

બાલ્યકાળથી જ **મા** નામકીર્તન સાંભળીને ભાવાવસ્થામાં આવી જતાં. બે-અઢી વર્ષની વયે સુલતાનપુરમાં પાડોશીને ત્યાં કીર્તન સાંભળતાં ભાવસમાધિ અવસ્થા થઈ હતી. અષ્ટગ્રામના નિવાસ દરમિયન **મા**ના શરીરમાં 'નામ'ને કારણે ભાવદશા પ્રગટ થતી લોકોમાં દૃષ્ટિગત થઈ.

બાજિતપુરમાં **મા**ના દેહમાં યોગક્રિયાઓ આપોઆપ થવા માંડી—આસન, પ્રાણાયામ, મુદ્રા ઉપરાંત ઝૂલન પૂર્ણિમાએ સ્વતઃ દીક્ષા થઈને પછી સાધકની જે અગણિત અવસ્થાઓ છે **તે બધી જ માના દિવ્ય શરીર પરથી માત્ર ૭ મહીનામાં પસાર થઈ ગઈ**. આસન હાથના સ્પર્શ વગર આપોઆપ થઈ જતા.

ભોલાનાથજી તથા નિશિકાંત ભટ્ટાચાર્યના પ્રશ્ન ''આપ કોણ છો'' ના ઉત્તરમાં **મા**ને મુખેથી નીકળ્યું **''પૂર્ણ બ્રહ્મ નારાયણ.''**

આત્મપરિચય આપ્યા પછી ભોલાનાથજીને સ્પર્શમાત્રથી સમાધિ પ્રાપ્ત કરાવી, ઉપરાંત ભોલાનાથજીની દીક્ષા વગેરે અનેક અદ્‌ભુત પ્રસંગો બાજિતપુરમાં બન્યા છે. **મા**ના દેહમાં બાહ્ય ગુરુ વિના જે સ્વયંની સ્વયં દ્વારા દીક્ષા થઈ તે પછી સાધના લીલા લગભગ ૭ મહીનામાં સંપૂર્ણ થઈ.

બાજિતપુરમાં **મા**નો નિવાસકાળ ૭ વર્ષનો હતો.

ભોલાનાથજી જે ઘરમાં રહેતા તેની દીવાલો ચટાઈની હતી અને છાપરું પતરાનું હતું. એ ઘરની આગળ-પાછળ એમ બે તળાવો હતાં.





નાના તળાવની સામે ખૂણા પર એમનું ઘર હતું. અને પાછળ મોટું તળાવ હતું.—તળાવના બન્ને કાંઠે બીજાં ઘરો હતાં. ત્યાં બધાનાં ઘર આ જાતનાં હતાં, મોટા સુપરિટેન્ડન્ટનું ઘર સુદ્ધાં ઘાસ-ચટાઈનું હતું.

•

બ્રાહ્મનબાડિયાથી બાજિતપુર ઉત્તર-પશ્ચિમમાં છે, ઢાકા જવાનો રસ્તો ફંટાઈને જમણી બાજુ વળીને બાજિતપુર જાય છે. ત્યાં જતાં અમને લગભગ દોઢ કલાક થયો. બાજિતપુરમાં પ્રવેશ્યા પછી પિનાકીદાએ બન્ને મોટરો ઊભી રખાવી. પૂછતાં ખબર પડી કે કોઈને બોલાવવા માટે એમણે વ્યવસ્થા કરી છે. એ ભાઈના આવ્યા પછી એમનું નામ જાણ્યું શ્રી તાપસ ચક્રવર્તી. એમનો પણ ફોન નંબર કનખલમાં પાટુનદાએ મને આપ્યો હતો. તેઓ અમારી સાથે મોટરમાં બેઠા અને બજાર બાજુ એક સ્થળે ગાડી ઊભી રખાવી. ત્યાંથી ચાલીને ૫-૭ મિનિટમાં અમે થોડાં ઝૂંપડાં અને જમણે હાથે તળાવ પસાર કરીને એક ખુલ્લી જગ્યાએ આવી પહોંચ્યાં. એ જગ્યા છેક છેડા પરની હતી અને એમાં થોડે થોડે અંતરે નાનાં ઝાડ વાવેલાં હતાં. આ એ જ સ્થળ હતું જ્યાં **મા** રહેતાં હતાં. સામે તળાવ હતું, જેના ખૂણા પર diagonally opposite આ જમીન હતી. પાછળ મોટું તળાવ હતું.

જે ભૂમિ પર **મા**ના શ્રીમુખેથી આત્મપરિચય વિશ્વને મળ્યો તે પરમ પવિત્ર મહીયસી ભૂમિને મસ્તક સ્પર્શ કરીને અમે પ્રણામ કર્યા, થોડી વાર નીચે બેઠાં. કોઈએ ધ્યાન કર્યું તો કોઈએ ફોટા પાડ્યા, કોઈએ આસપાસના લોકોને પૂછપરછ કરીને જમીન કોની છે વિ. જાણકારી મેળવી, આસપાસના પરિવેશને ધ્યાનથી જોયો.

આજુબાજુ રહેતા લોકોની ખૂબ ભીડ થઈ ગઈ હતી. અમે સાથે

લઈ ગયેલાં બિસ્કિટ વહેંચ્યાં, નાનાં-મોટાં ઘણાંએ લીધાં.

થોડી વાર મૌન થઈને બેઠાં. બધા ભાવવિભોર થઈ ગયાં હતાં, કોઈએ ખાસ વાતો ન કરી.

પાછા ફરતી વખતે ત્યાંના એક છોકરાને નીચે તળાવ પર મોકલીને મેં પાણી મંગાવ્યું. એ ખોબામાં લઈ આવ્યો. **મા**નો સ્પર્શ, પામેલા તળાવના જળને અમે માથે છાંટ્યું. વારાફરતી બધાંએ પાણી માંગ્યું, તેથી છોકરો બે-ત્રણ વાર જઈને ખોબામાં પાણી ભરી લાવ્યો. બધાંએ છાંટ્યું. અમારા આઠે જણ વચ્ચે ભાવની એકતા હતી, તેથી બધાંને આવા કાર્યમાં આતુરતા, ઉત્સાહ હતાં તથા પરસ્પરનો પૂર્ણ સહયોગ હતો.

અમારી મોટરો જ્યાં ઊભી હતી ત્યાંથી થોડેક દૂર બજાર છે, ભોલાનાથજી જે treasury માં કામ કરતા તે ખંડિયેર હાલતમાં ત્યાં છે એમ જાણવા મળેલું, અને તેની પાસે જ, એ જમીનના માલિકે 'શ્રી શ્રી આનન્દમયી કાલીમઠ' નામે કાલી તથા શિવનાં મંદિરો પતરાનાં છાપરાં મૂકીને બનાવ્યાં છે. પરંતુ અમે ત્યાં ન જઈ શક્યાં. કોઈ બોલ્યું કે ૩-૪ કિલોમીટર દૂર છે, નહિ જવાય વિ. પણ પાછા આવીને જાણ્યું કે સાવ નજીક હતું, છતાં અમે જઈ ન શક્યાં.

ત્યાંથી તાપસ ચક્રવર્તી અમને એમને ઘરે લઈ ગયા. તેઓ ત્યાંના પ્રતિષ્ઠિત પરિવારના છે, અને પિનાકીદાના પણ સગા થાય છે. એમને ત્યાં ઠંડું પાણી પીને થોડી વાર બેઠા, બાજિતપુરની આ જમીન અત્યારે કોઈ મુસલમાનની માલિકીની છે. પરિવારજનો સાથે વાતચીત કરીને એમનો આભાર માનીને છૂટા પડ્યાં.





## સુલતાનપુર

**મા**ના મામાનું ઘર સુલતાનપુરમાં હતું. બ્રાહ્મનબાડિયા જિલ્લામાં જ ખેઓડા, સુલતાનપુર, વિદ્યાકૂટ આવેલાં છે. **મા**નાં માતા (દિદિમા) ના પિતા શ્રી રમાકાંત ભટ્ટાચાર્ય સુલતાનપુરના અત્યંત પ્રતિષ્ઠિત પંડિત હતા, અને એમનું વિશાળ મકાન હતું. એ દિવસોમાં મોટાભાગના મકાનોમાં માટી-ગોબરથી લીંપેલી જમીન રહેતી, જેની અંદર ઈંટો કે પત્થર હોવાને કારણે આજુબાજુની જમીન કરતાં ઘરની જમીન ઊંચી રહેતી. ખૂબ સુંદર સુઘડ ચટાઈની ભીંતો રહેતી તથા અંદરનાં વિભાજનો પણ ચટાઈ દ્વારા બનતાં. ઉપર પતરાનું કે સૂકા ઘાસનું છાપરું હોય. મકાનો 'દોચાલા', 'ચૌચાલા' કે 'આઠચાલા'વાળા હોય, અર્થાત્ બે, ચાર, કે આઠ છાપરાવાળાં.

**મા**ની 'મામાબાડી' આગળના ભાગમાં બે છાપરાવાળી, અને એની પાછળ ચાર છાપરાવાળી હતી. મોટું મકાન હતું. આગળ ઘાસની 'લૉન' જેવું હતું. પુષ્કળ ફૂલો તળા ફળોનાં વૃક્ષો આગળ, પાછળ તથા બન્ને બાજુએ હતાં. પાછળના ભાગમાં જે તળાવ હતું તે તારા નામના છોડથી ઢંકાયેલું હતું તેથી તેને 'તારાપુકુર' કહેતા. આગળનું તળાવ સ્વચ્છ જળથી પૂર્ણ હતું, જેમાં **મા** સ્નાન કરતાં અને તે જ જળ પીવામાં તેમ જ રસોઈમાં વપરાતું. પાછળના તારાપુકુર પાસે (**મા**ના મામાની દીકરી) સુશીલા નિર્મલાને લઈને ફરવા જતી અને કહેતી કે, ''આ તળાવમાં મોટી પેટી છે જેની સાંકળ એટલી બધી મોટી છે કે બહાર કાઢીને મૂકીએ તો સ્તૂપાકાર ઢગલો થઈ જાય, એ સાંકળ બહાર નીકળીને જે પાસે હોય તેનો પગ 'હુશ' કરીને ખેંચીને અંદર લઈ જાય છે, અને પછી શુંયે કરી નાખે છે, ચલ જલદી ચાલ.''

નિર્મલા હસીને કહે કે **''બધાંને શા માટે બાંધે ! જ્યાં**

**અન્યાયની, અસત્યની વાત હોય, ત્યાં તો બધી જાતના ભય હોય !''**

સુશીલાની ઉંમર નિર્મલા કરતાં થોડીક જ વધારે હતી. પાછળથી તેઓ સુશીલા માશીમા તરીકે આશ્રમમાં ઓળખાતાં હતાં. પાછલી ઉંમરે એમનો સંન્યાસ થયો હતો અને કનખલ આશ્રમમાં જ એમનું શરીર શાંત થયું હતું.

મામાના ઘરની પાસે સુશીલાનું મોસાળ હતું. એ પરિવાર ધનિક હતો તેથી ઈંટોનું મોટું પાકું મકાન હતું, મકાનના એક ભાગમાં ગામની પૉસ્ટઑફિસ હતી, મકાનની પાસે જ એમનું પોતાનું શિવમંદિર હતું. જેની સામે નિર્મલા, સુશીલા અને બીજાં બાળકો રમતાં. બાલિકા **મા** કોઈ કોઈ વાર ભાવસમાધિમાં આવીને ત્યાં કપડું ઓઢીને સૂઈ જતાં.

માની બાલ્યાવસ્થામાં મામાને ઘરે એક વાર પૂજા હતી ત્યારે નાના મામાએ જોયું કે નિર્મલાની કેવી અવસ્થા થઈ છે, અને આપોઆપ મુખમાંથી સંસ્કૃત મંત્રોચ્ચારણ થાય છે.

પાછળથી શાહબાગમાં **મા**ને મુખેથી ધારાપ્રવાહરૂપે સંસ્કૃત મંત્રો તેમ જ બીજમંત્રો પ્રસ્ફુટિત થતા, તે વિષે પં. ગોપીનાથ કવિરાજે કહ્યું છે કે તે પ્રાચીન સંસ્કૃત છે, વેદકાળના પ્રારંભમાં વેદોમાં પણ એ 'દેવભાષા' છે. પછીથી સંસ્કાર કરાયાથી તે સંસ્કૃત કહેવાઈ.

•

બાજિતપુરથી અમે સુલતાનપુર ગયાં. બ્રાહ્મનબાડિયા અને ખેઓડાની વચ્ચે રસ્તામાં સુલતાનપુર આવે છે. મુખ્ય રસ્તા પરથી દૂરથી જ 'મામાબાડી' નિકટના શિવમંદિરનું ઉન્નત શિખર દેખાય છે. પહેલાના દિવસોમાં નાવમાં પસાર થતી વખતે પણ આ મંદિરનું શિખર landmark જેવું હતું.





મોટર હાઈવે પર જ ઊભી રાખીને અમે ગામ તરફ ચાલ્યાં. પાંચેક મિનિટમાં જ શિવમંદિરે પહોંચી ગયાં. અષ્ટાગ્રામના શિવમંદિર જેવી જ બંગાળી શૈલીનું પાતળું અને ઊંચું શિખર છે. મંદિર બહારની બાજુથી ખંડિત છે, પ્લાસ્ટર ઘણું ઊખડી ગયું છે. બહાર ગાય બાંધેલી હતી, અને મંદિરની અંદર ઘાસ વિ. ભરેલું હતું. આજુબાજુ ગંદકી હતી, છતાં સ્થળ અત્યંત અદ્‌ભુત લાગ્યું. વાયુમંડળમાં કંઈક વિશેષત્વ હતું. સંધ્યાકાળ થવાની તૈયારી હતી, વાતાવરણમાં શાંતિ હતી. કલ્પના કરી કે નિર્મલાએ અહીં કેટકેટલી બાળલીલા કરી છે, જે વિષે પુસ્તકોમાં વાંચ્યું છે.

થોડેક આગળ અંદરની બાજુ ગયાં એટલે પોસ્ટઑફિસની બચેલી દીવાલ આવી. મકાનનો બીજો કોઈ અવશેષ નહોતો. એ જ સીધે રસ્તે આગળ ચાલ્યાં એટલે ડાબે હાથે તળાવ આવ્યું. ગામ લોકોએ કહ્યું કે આ 'તારાપુકર' છે, એને સમાંતર આગળ સુધી સાંકડી કેડી છે, તરત કલ્પના થઈ ગઈ કે આના પરથી નિર્મલા અને સુશીલા ચાલવા જતાં હશે. આ જ તળાવમાં પેલી સંદૂક અને સાંકળ..... !

તારાપુકુર મામાના ઘરની પાછળ હતું. અત્યારે તારાપુકુરની સામે બીજું એક તળાવ છે જે તે દિવસોમાં સ્વચ્છ જળથી ભરેલું રહેતું, પરંતુ અત્યારે ખાસ્સું સૂકાઈ ગયું છે. બે તળાવની વચ્ચે જ્યાં 'મામાબાડી' હતી તે ખુલ્લી જગામાં અત્યારે મુસલમાનો ઝૂંપડાં બાંધીને રહે છે.

બાંગ્લાદેશમાં આપણાં પ્રાચીન મંદિરોની જીર્ણાવસ્થામાં પણ જે ઉપેક્ષા જોઈ, જે દુર્દશા જોઈ, જે દુરુપયોગ જોયો તેનાથી મન ભરાઈ ગયું.

સંધ્યા થઈ ગઈ છે. શાંત નીરવતામાં **મા**ના બાલ્યકાળની લીલાઓનું સ્મરણ કર્યું. આ સર્વ ઉપેક્ષિત સ્થળોએ જઈને અનુભવ્યું કે

આપણી અંતર્ચેતનાના જે તંતુઓ **મા**ના સંબંધે બંધાઈ ગયા છે તે આ સર્વ સ્થળોની સાથે પણ આપણને સૂક્ષ્મ બંધનમાં બાંધી દે છે, બહુ મજબૂત રૂપે. શરીરમાં રોમાંચ થાય છે, આંખમાં આંસૂ આવે છે. ક્યાંયે ખાસ કોઈ સ્થૂળ ઈમારતો નથી, પરંતુ **મા**ના ચરણસ્પર્શથી પવિત્ર થયેલી ભૂમિ છે, **મા**ની લીલાઓથી ચેતન થયેલી ભૂમિ છે, વાયુમંડળમાં અદ્‌ભુત શક્તિ છે !

અહીંયાં પણ બિસ્કિટનું વિતરણ કરીને અમે ખેઓડા જવા નીકળ્યાં. રસ્તામાં જ રાત પડી ગઈ.

## ખેઓડા

મન એટલું શાંત હતું કે રસ્તામાં પણ કોઈ ખાસ કંઈ બોલ્યું નહિ. ખેઓડા ગામમાં વીજળી નથી, તેથી જ્યારે ત્યાં પહોંચ્યાં, ત્યારે ઘોર અંધારું હતું. આ પણ એક અનુભવ હતો ! દુકાનમાંથી મીણબત્તીઓ ખરીદી અને દર બે-ત્રણ જણ વચ્ચે એક એક મીણબત્તી પકડીને એના અજવાળામાં અમે ચાલ્યાં. જ્યોતિબહેનને બજારમાં જ સાઈકલ રિક્ષા મળી ગઈ, એટલે એમાં બેસીને તેઓ અમારી પાછળ પાછળ આવ્યાં. એમનો રિક્ષાવાળો રિક્ષાને પકડીને પોતે ચાલતો ચાલતો લઈ જતો હતો, કારણ કે અંધારામાં કેડી બરાબર દેખાતી નહોતી.

ગામના ઘણા બધા માણસો અમારી સાથે આવ્યા. ખૂબ મોટું ટોળું થઈ ગયું. એ લોકો ખાડા-ટેકરાવાળી કેડી પર અમને વચ્ચેવચ્ચે ચેતવણી આપતા રહેતા હતા. લગભગ ગામની બહાર પહોંચ્યાં ત્યારે દૂરથી ઝાડની ઘટા વચ્ચે આવેલું જન્મસ્થાન અંધારામાં ઝાંખું ઝાંખું દેખાયું. અમાવસ્યાને બીજા ત્રણ દિવસ જ બાકી હતા. રાત ખૂબ અંધારી હતી. કોઈક બોલ્યું બંગાળીમાં કે ખબર હોત તો આશ્રમમાંથી ચાવી લઈ લેત, પણ ખબર જ નહોતી.





જન્મસ્થાનના બહારના નાના સળિયાવાળા દરવાજાને તાળું મારેલું હતું, પણ વચ્ચેથી જન્મસ્થાનનાં દર્શન થતાં હતાં કારણ કે મંદિરને તો બારણું જ નથી. ખુલ્લા ઓટલા પરથી વેદી દેખાય છે. આજુબાજુ બહુ જ ઝાડ છે, નિસ્તબ્ધ. પવન નથી. પાછળ તળાવનું જળ પણ શાંત છે. અમે બધાંએ આશ્રમનું સંધ્યાકીર્તન શરૂ કર્યું, ત્યાં બહાર ઊભા ઊભા જ—''ઓમ્‌ ધૃતસહજસમાધિં'' અને પછી ''જય હૃદયવાસિની''...... મા, મા, મા, મા, શબ્દો સમૂહમાં ગવાતાં વાતાવરણ 'મા'નાદથી ગૂંજી ઊઠ્યું. અમે નવ જણ અને અમારી બાજુમાં પાછળ ગામના લોકો ઊભા છે. મારા મનમાં વિચાર આવ્યો કે અત્યારે ભાવના એવા તરંગો વાયુમંડળમાં છે કે તાળું ખુલ્યા વગર નહિ રહે. કીર્તન બરાબર જામ્યું ત્યાં જ કોઈએ આવીને ચાવીથી તાળું ખોલી દીધું. ''જય મા, જય મા'', કરતાં અમે બધાં અંદર ઘુસ્યાં. વેદી આગળ જઈને માને પ્રણામ કર્યા.

બહાર આવીને નીતાએ હરિલૂટની જેમ બિસ્કિટો ફેંક્યાં ચારે બાજુ. ગામના છોકરા છોકરીઓએ લેવાય તેટલાં લીધાં.

આવતાં હતાં ત્યારે શાંત ને ગંભીર ભાવ હતો, કીર્તનમાં ભક્તિની મધુરતા હતી, પછી આનંદ અને સંતોષ લઈને પાછા ફર્યાં. આવ્યા હતાં તે જ રીતે અંધારામાં ચાલતા થયાં, કોઈ ફાનસ લાવ્યું હતું, તેનું અજવાળું વચ્ચે વચ્ચે થોડું આવતું હતું. અંધારામાં કોઈ કોઈ બીજી બાજુ ચાલવા માંડ્યા, વળી પાછા બોલાવ્યા. એમ કરતા રવાના થયાં અને રાત્રે ૯-૧૦ ની વચ્ચે પિનાકીદાને ઘરે પહોંચ્યાં, પ્રેમથી જમ્યાં અને લગભગ ૧૦.૩૦ વાગે છૂટાં પડ્યાં. તા. ૧૪ ને ૧૫ ઢાકા જવાનું છે. તા. ૧૬મીએ ઢાકાથી નીકળીને પાછા અહીં આવવાનું છે.

***

## ઢાકા

**૧૪-૫-૦૭** **વૈશાખ વદ ૧૨**

### રમના, સિદ્ધેશ્વરી, શાહબાગ

બ્રાહ્મનબાડિયાથી ઢાકા ૯૯ કિ.મી. છે. રસ્તો ઘણો સારો છે, તેથી બે કલાકમાં પહોંચી જવાય છે.

સવારે તૈયાર થઈને સામાન બાંધ્યો. કેટલાકે કેટલોક સામાન અહીંયાં જ રહેવા દેવાનું નક્કી કર્યું, કારણકે બે દિવસ પછી અહીં થઈને જ આખૌડા બૉર્ડર જવાનું હતું. બધાં તૈયાર હોવા છતાં મોડેથી નીકળ્યાં, કારણ પિનાકીદાનાં પ્રેમાળ કુટુંબીજનો અમને જમાડ્યા વિના જવા દેવા તૈયાર નહોતાં. એમના દીકરા પલાશે શુદ્ધ રીતે જાતે જ પીરસીને અમને જમાડવાનો નિયમ રાખ્યો હતો. અમે જમી લઈએ પછી પિનાકીદા જમતા, અમે એમના અતિથિ હતા તેથી ! જમીને બે મોટરોમાં ગોઠવાઈને બે કલાકમાં ઢાકા પહોંચી ગયાં. ઢાકાના સિદ્ધેશ્વરી આશ્રમના સેક્રેટરી શ્રી જયંત ભૌમિકે ઢાકામાં 'નયા પલ્ટન' લત્તામાં હોટેલ 'વિક્ટરી'માં અમારું બુકિંગ કરાવી રાખ્યું હતું. અહીંથી આશ્રમ તથા શાહબાગ નજીક હતાં. ઢાકા બીજાં મોટાં શહેરો જેવું જ શહેર છે, ઉપરાંત બાંગ્લાદેશની રાજધાની છે, તેથી હવે અંગ્રેજી ભાષાનો પ્રભાવ દેખાવા માંડ્યો, જો કે બહુ જ ઓછી માત્રામાં. અંગ્રેજીમાં બૉર્ડ દેખાતા હતા, હોટેલમાં પણ થોડું અંગ્રેજી ચાલતું હતું, પરંતુ રિક્ષાવાળાઓ તો બંગાળી સિવાય બીજી કોઈ ભાષા સમજી નહોતા શકતા. ટેક્સી ડ્રાઈવરો પણ ફક્ત બંગાળી બોલનારા હતા.

આજે અમારે બૅન્કમાં ડૉલર વટાવીને બાંગ્લાદેશની currency 'ટાકા' લેવાની હતી. અત્યાર સુધી પિનાકીદાએ કહ્યું હતું કે જોઈએ





તેટલા ટાકા મારી પાસેથી લો, અને ઢાકામાં ડૉલર વટાવો ત્યારે પાછા આપજો, એટલે અમારા આઠ જણ વચ્ચે અમે હજારો ટાકા એમની પાસેથી લીધા હતા.

હોટેલમાં સામાન મૂકીને, હાથ-મોઢું ધોઈને, ચા પીને થોડી જ વારમાં અમે બહાર નીકળ્યાં.

### શાહબાગ

ઈ.સ. ૧૯૨૪માં માની ૨૯ વર્ષની વયે ભોલાનાથજીને ઢાકાના નવાબના શાહબાગ બગીચામાં નોકરી મળી. શાહબાગ એટલો બધો વિસ્તૃત હતો કે મોટા ભાગની જગ્યામાં જંગલ જેવું થઈ ગયું હતું, અને થોડાક ભાગમાં જ સરખો બગીચો હતો. આ બગીચામાં ભોલાનાથજીને રહેવાનું ઘર, જુદું રસોડું, પૂજાઘર એવાં બે-ચાર ઘરો હતાં. નવાબના સમયનું એક વિશાળ હૉલ જેવું જલસાઘર હતું, જે **મા**ના આવ્યા પછી નાચઘર કે કીર્તનઘર તરીકે ઓળખાતું. ત્યાં જ ભક્તો ભેગા થઈને કીર્તન કરતા. બહારની બાજુએ બે સુંદર 'ગોલઘર' હતાં જે નાચઘર સાથે જોડાયેલાં હતાં. આ આખી ઈમારત જમીનથી થોડી ઊંચી હતી, બે-ત્રણ પગથિયાં ચઢીને ઉપર જવાતું. કીર્તન વખતે કોઈ વાર **મા** નાચઘરમાં બેસતાં, પરંતુ ઘણું ખરું ગોલઘરમાં સ્ત્રીઓ સાથે બેસતાં. ત્યાં જ કીર્તનના ઉદ્દીપન સાથે સાથે **મા**ની ભાવાવસ્થા થતી અને નાચઘરમાં પ્રવેશતાં દિદિની ડાયરીમાં એ અવસ્થાઓનું વિસ્તૃત વર્ણન છે. **મા**નું શરીર હવામાં પાંદડાની જેમ જમીન પર એટલું ત્વરિત ગતિથી ફરતું કે શરીર પણ સ્પષ્ટરૂપે ન દેખાતું, ઊભેલી અવસ્થામાં ચક્રાકાર ફરતું ત્યારે ચરણ ભૂમિને સ્પર્શ ન કરતા. બહાર એક આરબ ફકીરની તથા એમના શિષ્યની એમ બે દરગાહ હતી. **મા**એ ફકીરની દરગાહ પાસે

જઈને કુરાનની આયાતો બોલીને નામજ પઢી હતી. તે ઉપરાંત નાચઘર પાસે **મા**ના ઘરની સામે એક તળાવ હતું ગોળ કુંડાકાર, જેની ફરતે 'ઝાઉ'નાં ઝાડ હતાં, પાસે પશ્ચિમ બાજુ પૂજાઘર હતું જેના એક ખૂણામાં બકુલવૃક્ષ હતું, જેનાં ફૂલોથી જમીન ઢંકાયેલી રહેતી. **મા** ક્યારેક આ વૃક્ષ પાસે જતાં. એની નજીકમાં એક 'ઝાઉ' વૃક્ષ હતું. ભાવાવસ્થામાં **મા** કોઈ વાર એની પાસે બેસી રહેતાં. એ ઝાડને કાપ્યું ત્યારે તે ચંદન થઈ ગયું હતું અને એની કેટલીયે ડાળીઓ કેટલાયે ભક્તો લઈ ગયા અને પૂજામાં ચંદન માટે ઘસીને વાપરી. એનો એક ટુકડો **મા** પાસે લાવીને બતાવવામાં આવ્યો હતો.

બીજો બેગમો માટેનો હૉજ હતો. એક હૉજ જલપૂર્ણ હતો, એક ખાલી હતો. આ બધાં સ્થળે માની લીલા થઈ હતી. ભાઈજી (જ્યોતિષચંદ્ર રૉય) **મા**નાં દર્શન કરવા આવ્યા પછી એક વર્ષ સુધી ફરી આવ્યા નહિ, તેઓ પાસેના એક ગુરુદ્વારામાં જઈને ત્યાંથી ક્યારેક ક્યારેક દૂરથી **મા**નાં દર્શન કરતા. શાહબાગમાં **મા**ના શરીરમાં ક્રિયાદિ તેમ જ ભાવાવસ્થાની તીવ્રતા તીવ્રતમ થઈ ગઈ હતી, અને ધીમે ધીમે લીલા અંદર સમેટી લઈને શાંત થતાં થતાં **મા** હવે જનસમૂહ મધ્યે અવગુંઠન ત્યાગ કરીને આવતાં થયાં. **મા**ની ખ્યાતિ, **મા**નું દિવ્ય આકર્ષણ ચારે બાજુ વિસ્તારિત થઈ ગયું.

શાહબાગમાં રહેતાં રહેતાં જ સામે સિદ્ધેશ્વરીનો આશ્રમ બન્યો અને ત્યાર પછી રમનાનો.

૧૯૩૨ સુદી ઢાકામાં નિવાસ કર્યા બાદ **મા** કોઈને પણ કંઈ જ કહ્યા વિના ભોલાનાથજી તથા ભાઈજીને સાથે લઈને બહાર નીકળી ગયાં. દેહરાદૂન પાસેના રાયપુર ગામમાં ભગ્ન શિવમંદિરમાં વાસ કર્યો,





જે મંદિર **મા**એ સૂક્ષ્મમાં જોઈને તે વિષેની વાત ભોલાનાથજીને કરી હતી. ૧૯૩૨થી **શ્રીશ્રીમા**નું અનવરત ભ્રમણ શરૂ થયું, તથા ભારતમાં ભક્તો દ્વારા અનેક આશ્રમો બનાવવામાં આવ્યા, એવી આશાથી કે **મા** આશ્રમમાં આવીને રહેશે તો દર્શન પ્રાપ્ત થતાં રહેશે.

## રમના (રમણા)

સૌથી પહેલાં અમે રમના રેસકોર્સના મેદાન બાજુ ગયાં. બાંગ્લાદેશ સ્વાતંત્ર્ય-યુદ્ધ વખતે ૧૯૭૨માં રમનાના મેદાનમાં આવેલા પ્રાચીન કાલીમંદિરનો તથા તેની જમણી બાજુએ આવેલા આપણા આશ્રમનો પાકિસ્તાન દ્વારા નાશ કરવામાં આવ્યો. અત્યારે બેમાંથી એક્કેનું નામનિશાન નથી.

રમનાના મેદાનમાં પતરાની વાડ બનાવેલી છે, એની અંદર કોઈ કાળે જમણી બાજુ છેડે કાલી મંદિર હતું, અને તેની આ બાજુમાં આપણો આશ્રમ હતો. અમે વાડની બહાર ઊભા રહીને જુદી જુદી જગ્યાએથી અંદર જોયું—માત્ર લીલા રંગનું ઘાસનું વિશાળ મેદાન હતું, જેમાં આશ્રમની કલ્પના કરવાની હતી તે દિવસોમાં આશ્રમનું પ્રવેશદ્વાર પૂર્વ બાજુએ હતું, અંદર રસોઈઘર, નાટમંદિર (હૉલ), **મા**નું ઘર, કાલીમંદિર, બીજું એક મંદિર હતાં. આશ્રમની બહાર તળાવ હતું, જે અત્યારે પણ છે, જો કે જળ નહિ જેવું હતું. પહેલાનાં બનાવેલાં પગથિયાં પણ હજી છે, નીચે તળાવ સુધી જઈ શકાય છે. બહાર વિશાળ લીલુંછમ મેદાન છે, જેને વિષે વાંચ્યું છે કે ભાઈજી બ્રાહ્મમુહૂર્તમાં આવતા, અને દિદિના તથા ભોલાનાથજીના કહેવાથી **મા**ને રોજ મેદાનમાં ચાલવા લઈ જતા. મા ચાલતાં ફરતાં અને ભાઈજી દૂર ઊભા રહીને જોતા. એ મેદાન જોઈને પણ આનંદ થયો.

બાંગ્લાદેશની સરકાર તરફથી એ જમીનમાં એમના દેશની સ્વતંત્રતાનું સ્મારક બાંધવામાં આવશે, તેથી અંદરની આશ્રમની જમીનના બદલામાં બહારની થોડીક જમીન આશ્રમને આપવામાં આવી છે. જ્યાં ઢાકાના ભક્તો દ્વારા 'શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ' નામ લખવામાં આવ્યું છે.

**મા**એ કહ્યું હતું કે સિદ્ધેશ્વરી આશ્રમમાં પૂર્વજન્મમાં ભાઈજી તથા ભોલાનાથજીએ તપસ્યા કરી હતી. ત્યાં સાધુઓની સમાધિઓ હતી. રમના અને સિદ્ધેશ્વરી બન્ને ઉચ્ચ કોટિના સાધકોની તપસ્યાસ્થલી તથા સમાધિભૂમિ હતી.

**માનો સહુથી પ્રથમ આશ્રમ ભક્તોએ સિદ્ધેશ્વરીમાં બનાવ્યો અને બીજો આશ્રમ ભાઈજીના આગ્રહથી ભક્તોએ રમનામાં બનાવ્યો.** ૧૯૨૯માં આ આશ્રમની સ્થાપના થઈ હતી, અને **મા**ના જન્મોત્સવ વખતે એનું ઉદ્ઘાટન થયું હતું. રમના આશ્રમમાં જ સંધ્યાકાલીન માતૃવંદનાસ્તોત્ર "જય હૃદયવાસિની" ભાઈજીના માનસપટલ પર ઉત્પન્ન થયું હતું.

## શાહબાગ

રમના ભૂમિદર્શન કરીને અમે શાહબાગ બાજુ ગયાં. અત્યારે ત્યાં ઢાકા યુનિવર્સિટીની કૉલેજો છે. **મા**ના સમયમાં શાહબાગથી રમના ચાલીને જવાતું, ઈમારતો વચ્ચે નહોતી; બાગ, મેદાન અને ગીચ વૃક્ષો હતાં.

ઢાકાના ટ્રાફિકમાંથી પસાર થઈને અમે યુનિવર્સિટીના દરવાજામાં પ્રવેશ્યાં. કદાચ શાહબાગનો ફાટક પણ આ જ હશે. અંદર જતાં જમણે હાથે પહેલાં બાંગ્લાદેશના એક પ્રસિદ્ધ કવિની મઝારની મોટી ઈમારત





આવે છે, જેને ઘણા જણ શાહબાગના ફકીરની દરગાહ માને છે. એને પસાર કરીને જરાક જ આગળ ગયાં કે જમણી બાજુ આંખ સામે એકદમ ભવ્ય 'નાચઘર' અને 'ગોલઘર' દેખાયાં.

અમે નીચે ઊતર્યાં, દૂરથી તેમ જ પાસેથી આ ત્રણે ઈમારતો અત્યંત ભવ્ય, અને સુંદર લાગે છે. મુસ્લીમ શૈલીના ઝાંખા પીળા રંગનું arches વાળું નાચઘર છે, જેના arches હજી દેખાય તો છે, પરંતુ વચ્ચે વચ્ચે દીવાલ બનાવીને ભરી દેવામાં આવ્યા છે. પહેલાં નાચઘર ચારે બાજુથી ખુલ્લા arches વાળું હતું, અત્યારે પણ એ દૃશ્યનો આભાસ તો મળે જ છે. બન્ને ગોલઘરની બહાર મોટાં મોટાં ઝાડ છે—કટહલ, લીમડો, આંબો જેવાં, જે અમને કહેવામાં આવ્યું કે નવાબના સમયનાં છે અર્થાત્ **મા** રહેતાં તે સમયનાં. નાચઘરની અડધી ફર્શ કાળા ને સફેદ આરસની છે. **મા**એ પોતે એનું વર્ણન કરતાં કહ્યું હતું, તેથી એ તે સમયની જ છે. ગોલઘરની અંદર જોયું તો સામાન ભરેલો હતો અને ગંદકી હતી. નાચઘર પણ હવે canteenમાં બદલાઈ ગયું હોવાથી અંદર જવાથી માંસાહારની ગંધ આવે છે. પહેલાં નાચઘરની અંદર બે બાજુએ એકએક ઓરડા હતા, જેમાંના રસ્તા તરફનામાં **મા** કોઈ વાર રાત્રે સૂતાં, પરંતુ તે અત્યારે નથી. જમણી બાજુએ એક રૂમ જેવું છે પણ તે નવા સાથે જોડેલું લાગે છે.

ઋષિકેશ 'શિવાનંદ આશ્રમ'ના 'દિવ્યજીવન સંઘ'ના અધ્યક્ષ પૂ. સ્વામી ચિદાનંદજી **મા** પ્રત્યે અનન્ય શ્રદ્ધા ધરાવે છે. તેઓ **મા**ની લીલાનાં આ બધાં સ્થળો જોવા માટે બાંગ્લાદેશ ગયા હતા. જ્યારે શાહબાગના આ ગોલઘરમાં એમણે ગંદકી જોઈ ત્યારે લાગણીવશ થઈને પોતાને હાથે ત્યાં સફાઈ કરવા લાગ્યા હતા.

બીજાં કોઈ ઘર કે મકાનો કે તળાવો કે હોજ કંઈ જ જોવામાં આવતું નથી. ભાઈજી જે ગુરુદ્વારામાં ઊભા રહીને શાહબાગ બાજુ જોઈને **મા**નાં દર્શન કરતા તે ગુરુદ્વારા છે. શાહબાગની અને એની વચ્ચે દીવાલ છે તે અમને કોઈએ જગા બતાવી.

બધા કેમેરાવાળાઓએ અનેક ફોટા પાડ્યા. જોઈને અભિભૂત થઈ જવાય તેવું દૃશ્ય હતું. ભવ્યતા તો આકૃતિની હતી જ, પણ એની સાથે સંકળાયેલી **મા**ની લીલા, **મા**ની ભાવાવસ્થા, યૌગિક ક્રિયા-શક્તિનું ભક્તોને દર્શન—કેટકેટલી અદ્ભુત ઘટનાઓ અહીંયાં ઘટી હતી !

નવાબોનું વિલાસક્ષેત્ર હોવા છતાં શાહબાગ આધ્યાત્મિકતાથી ઓતપ્રોત હતું. આરબ ફકીરની દરગાહ હતી જેની પાસેની ઝાડીમાંથી ધૂપની સુગંધ આવતી હતી, એવું **મા**એ કહ્યું હતું. એ ફકીરની પણ મા સાથે સૂક્ષ્મમાં મુલાકાત થઈ હતી. **મા** કોને પૂર્ણતા બક્ષવા ક્યાં કઈ લીલા કરે છે તે **મા** જ જાણે.

નજીકમાં જ એક ઝાડ નીચે કંપાઉંડના કોટ પાસે એક ખુલ્લી દરગાહ છે, જે ફકીરના શિષ્યની છે. શ્રી અમૂલ્યકુમાર દત્તગુપ્તના પુસ્તકમાં છે કે **મા**ની સાથે તેઓ રમનાથી શાહબાગ જોવા ગયા હતા, ત્યારે એ કબર એમણે જોઈ હતી. લખે છે કે એની ઉપર છાપરું નથી, ખુલ્લામાં છે, અને વૃક્ષો જાણે એને છાયા આપે છે ને રક્ષા કરે છે. તે દરગાહ અમે જોઈ. ફકીરની દરગાહ કે જ્યાં **મા**એ નમાજ પઢી હતી, તે અમને ન મળી.

●

શાહબાગથી નીકળતી વખતે મનમાં નક્કી કર્યું કે ફરીથી જરૂર





અહીં આવવું જ્યારે કૉલેજો બંધ હોય, ભીડ ન હોય, અને શાંતિથી મૌન રહીને આ સ્થળના vibrations લઈ શકાય, આત્મસાત્ કરી શકાય.

અમે હવે બૅન્કમાં અમારા exchange ને માટે ગયાં. સાથે પિનાકીદા તો હતા જ. તેઓ હોટેલમાં નહિ પણ એમના કોઈ સગાને ત્યાં રહ્યા હતા. અમને આઠ જણને ડૉલર વટાવતા વાર થઈ. આપણા રૂ. ૧૦૦ ના 'ટાકા' ૧૧૪ મળે છે. અમે વ્યક્તિ દીઠ લગભગ ૨૫૦ થી ૩૦૦ ડૉલર વટાવ્યા.

કામ પતાવીને નીકળ્યાં ત્યારે ભૂખ ખૂબ લાગી હતી. બહાર કોઈ જગાએ ખવાય તેમ નહોતું, અમે રહેલાં તે હોટેલમાં પણ નહિ. આ દેશમાં બ્રેડમાં પણ ઈંડા હોય છે, અમે ચા અને સાથે રાખેલા નાસ્તાથી ચલાવ્યું. બાંગ્લાદેશ જનાર પ્રત્યેક વ્યક્તિએ આ બે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે :

(૧) બધે જ માંસાહારી ખોરાક જ મળે છે, તેથી ઘણો નાસ્તો સાથે રાખવો, શાક-ભાત રાંધી લેવાની તૈયારી રાખવી.

(૨) બંગાળી ભાષા સિવાય બીજી કોઈ ભાષા ભણેલા લોકો પણ ખાસ સમજતા નથી. ઢાકા યુનિવર્સિટીના યુવકો પણ ખાસ કંઈ અંગ્રેજી બોલી સમજી શકતા ન હતા. આથી સાથે દુભાષિયા interpreter અથવા બંગાળી સહયાત્રીને જરૂર રાખવા. હિંદીનો તો પ્રશ્ન જ ઊભો નથી થતો.

(૩) પીવાના પાણી minral water ની બૉટલો રાખવી.

***

## સિદ્ધેશ્વરી

**૧૫-૫-૦૭** **વૈશાખ વદ ૧૩**

બાંગ્લાદેશ દેવી-સાધના માટે વિશેષ પ્રખ્યાત છે. ઢાકા શહેરની બહાર પ્રાચીન કાલીમંદિરમાં સિદ્ધેશ્વરી કાલીમૂર્તિ છે. ૧૯૭૨ના યુદ્ધ સમયે પણ આ મૂર્તિ તથા મંદિર અખંડ રહ્યાં છે. **મા**ને મુખેથી સિદ્ધેશ્વરી નામ પ્રગટ થયું હતું. અહીં આવીને **મા**એ કહ્યું કે આ સાધકોનું સાધનાસ્થળ હતું, અને દર પાંચ હજાર પાંચસો વર્ષે અહીં વિશેષ વિશેષ સાધકો આવતા હતા. આદ્ય શંકરાચાર્ય અહીં આવ્યા હતા, ગુરુ નાનક પણ આવ્યા હતા. સૌથી પહેલાં **મા** ૧૯૨૪માં ભોલાનાથજી સાથે અહીં પધાર્યાં હતાં.

**મા** શાહબાગમાં રહેતી વખતે ઘણીવાર રમના કાલીમંદિરે સંધ્યા આરતીમાં ભોલાનાથજી સાથે આવતાં. શાહબગમાં **મા**એ ભોલાનાથજીને કહ્યું કે 'સિદ્ધેશ્વરીતલા' ક્યાં છે—સિદ્ધેશ્વરીનું એ વૃક્ષ **મા**એ સૂક્ષ્મમાં જોયું હતું. કોઈને કંઈ જાણ ન હતી. એક વાર બાઉલાબાબુ રમનાની બાજુમાં ગીચ જંગલમાં **મા**ને તથા ભોલાનાથજીને લઈ ગયા. ત્યાં જંગલમાં વૃક્ષોથી ઘેરાયેલું સિદ્ધેશ્વરી કાલીમંદિર હતું, તથા **મા**એ જોયેલું વૃક્ષ હતું. એ એક વૃક્ષમાં ત્રણ વૃક્ષો જોડાયેલાં હતાં—વડ, પીપળો અને ચંદન, અને એનું નામ હતું 'તિનતિડી'. કહેવાય છે કે એ વૃક્ષમાંથી એક જ્યોતિ નીકળીને કાલીમૂર્તિમાં સમાઈ ગઈ હતી.

**મા**એ સ્વમુખે આ પ્રમાણે કહ્યું હતું,''બાઉલે કહ્યું કે એ વૃક્ષમાં જ્યોતિદર્શન થતાં, અને એમાંથી સિદ્ધેશ્વરી કાલીનું જ્યોતિરૂપે આધિષ્ઠાન દેખાતું. એ વૃક્ષમાંથી વખતોવખત જ્યોતિ મંદિરમાં જતી, પાછી મંદિરમાંથી ઝાડમાં આવતી ઈત્યાદિ. આ જે જ્યોતિ—જ્યોતિર્મયી





કાલીરૂપે પ્રતિષ્ઠિત સિદ્ધેશ્વરી નામની છે.''

**મા**એ મંદિરમાં ગર્ભગૃહની બાજુની ઓરડીમાં ૭ દિવસ સુધી રહ્યાં હતાં. મંદિરમાં ખાસ કોઈ આવતું નહિ, માત્ર એક ભૈરવી આવતી. સાતમે દિવસે સૂર્યોદય પૂર્વે વરસાદમાં ને અંધકારમાં **મા** મંદિરની પાછળની બાજુ જવા માંડ્યાં, અને ભોલાનાથજીને સાથે આવવાનો ઈશારો કર્યો. એક જગ્યાએ **મા** બેસી ગયાં, જમીન પર હાથ મૂક્યો, હાથ ભૂમિમાં ખૂંપાવા લાગ્યો અને **મા**ના ખભા સુધીનો હાથ માટીમાં દબાઈ ગયો. માટી પોચી હતી. ભોલાનાથજી ગભરાઈ ગયા કે **મા** ભૂમિપ્રવેશ ન કરી જાય, તેથી ખેંચીને **મા**નો હાથ બહાર કાઢ્યો કે તરત માટીમાંથી લાલ રંગનું ગરમ પાણી ફુવારાની જેમ નીકળવા માંડ્યું. **મા**એ ભોલાનાથજીને પણ હાથ નાખવા કહ્યું, ત્યારે કોઈ ''ચીજ'' નીકળી જે ભોલાનાથજીએ સામેના તળાવમાં નાખી દીધી. જ્યાંથી લાલ ગરમ પાણી નીકળ્યું અને ખાડો પડી ગયો, તેને પછીથી માટીથી ભરી દેવામાં આવ્યો. એ સ્થાનને ચારે બાજુથી ઘેરી લેવામાં આવ્યું, એ જમીન લઈને સિદ્ધેશ્વરી આશ્રમ બન્યો અને ત્યાં લગભગ ૨' x ૨' ની વેદી બનાવવામાં આવી. સ્થાન ગહ્વર જેવું રહ્યું, જેમાં આટલી નાની જગ્યામાં **મા** બેસતાં અને સૂતાં પણ ખરાં. પછીથી ભોલાનાથજીને હસ્તે ત્યાં શિવલિંગની પ્રતિષ્ઠા થઈ, બરાબર એ જ સ્થાન ઉપર.

૧૯૨૫માં **મા** વેદીના ગહ્વરમાં વિરાજમાન્ હતાં ત્યારે ભાઈજી દ્વારા **મા**ને નામ અર્પણ કરવામાં આવ્યું :

**''મા આનન્દમયી''**

આપણે માટે આ એક ઐતિહાસિક ભૂમિ છે.

૧૯૨૬ માં અહીંના કાલીમંદિરની પાછળની આ ભૂમિમાં

આશ્રમ બન્યો, અને મહા મહીનાની પ્રથમ વારની 'વાસંતી પૂજા' આ આશ્રમમાં થઈ. અહીંયાં જ **મા**ના શ્રીશરીરમાં સમાધિની વિભિન્ન અવસ્થાઓ તેમ જ વિવિધ ક્રિયાઓ પ્રગટ થઈ. આ પવિત્ર આશ્રમનો પ્રત્યેક રજકણ આપણે માટે તેજપુંજ છે.

૧૯૮૨માં બાંગ્લાદેશની સરકારના અનુદાન દ્વારા એનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. જે વેદી પર ભોલાનાથજી દ્વારા શિવલિંગની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી તેને ત્યાંના તોફાની તત્ત્વોએ નુકશાન પહોંચાડેલું, તેથી ૧૯૮૪માં ફરીથી એ જ **મા**ની વેદી ઉપર શિવ પ્રતિષ્ઠા કરવામાં આવી.

●

અમે હોટેલમાં રોકાઈને ટેક્સીની બહુ રાહ જોઈ, પરંતુ કોઈ ગેરસમજૂતીને લીધે ટેક્સી ન આવી. આખરે અમે હોટેલના 'રીસેપ્શન' પર સૂચના મૂકીને રિક્ષામાં સિદ્ધેશ્વરી જવા નીકળ્યાં. પછીથી ટેક્સી સિદ્ધેશ્વરી પર આવી ગઈ હતી.

પહેલાં અમે સિદ્ધેશ્વરી કાલીમંદિરમાં ગયાં. આ મંદિર તથા મંદિરની પાછળનો આપણો આશ્રમ બન્યો તે ભાગ ઘનઘોર જંગલમાં હતાં, અત્યારે ત્યાં ગીચ બજાર છે અને ત્રણ બાજુ ફ્લૅટો અને મકાનો એને ઘેરી વળ્યાં છે !

કાલીમંદિરનો પણ જીર્ણોદ્ધાર કરીને એને નવું રૂપ આપેલું છે. આગળ વિશાળ ચોક છે જેને બંગાળીમાં નાટમંદિર (હૉલ) કહે છે. પ્રવેશ કરતાં તરત જ જમણી બાજુ પેલું પ્રાચીન વૃક્ષ આવે છે, જે ત્રણ વૃક્ષો જોડાઈને એક વૃક્ષરૂપ બન્યું હતું, અને જેમાંથી જ્યોતિ નીકળીને મૂર્તિમાં લય પામી હતી. કોઈ કાળે એ વૃક્ષને **મા**એ સ્પર્શ કર્યો હતો, અમે





પણ માથું લગાડીને પ્રણામ કર્યા. કાલીમાનાં દર્શન કરીને સામે બેઠાં. ગર્ભગૃહની ડાબી બાજુએ જ નાનો કક્ષ છે જેમાં ૧૯૨૪માં **મા** ૭ દિવસ રહ્યાં હતાં. તે વખતે ચારે બાજુ જંગલ હતું, વર્ષાકાળ હતો, **મા** ઓરડામાં હતાં, ભોલાનાથજી રાત્રે મંદિરના પ્રાંગણમાં બેસતા કે સૂઈ રહેતા, બહાર નીચે બાઉલબાબુ આખી રાત જાગતા બેસી રહેતા, એ આશામાં કે કંઈક અદ્‌ભુત ઘટના ઘટવાની છે જેનાથી તેઓ વંચિત ન રહી જાય, પરંતુ છેવટે સાતમે દિવસે જ્યારે **મા** બહાર આવીને પાછળ ગયાં અને ભૂમિમાં હાથ નાખ્યો તે પ્રસંગે બાઉલબાબુ નિદ્રાધીન હતા. **મા**ને તથા ભોલાનાથજીને જંગલમાંથી પાછાં ફરતી વખતે એક ભૈરવીએ જ ફક્ત જોયાં હતાં, તેથી એ તાંત્રિકોની સાધનાભૂમિ હતી.

કાલીમંદિરના જે કક્ષમાં **મા** ૭ દિવસ રહ્યાં હતાં તે **મા**નો કક્ષ પણ સફેદ ટાઈલ્સ જડીને નવો બનાવેલો છે. ઓરડો બિલકુલ તે જ છે, એને મોટો કે નાનો નથી કરેલો, માત્ર રંગ અને ટાઈલ્સથી નવો કર્યો છે. **મા**ના ફોટા મૂકેલા છે. **મા**ની સ્મૃતિ અખંડ રાખી છે. કાલીમૂર્તિની બાજુમાં **મા**નો ફોટો છે.

●

મંદિરમાંથી બહાર નીકળીને પાછળના ભાગમાં થોડુંક જ ચાલ્યા પછી જમણી બાજુ તરત આપણો આશ્રમ આવે છે. સામેની જગ્યા પણ આશ્રમની જ હતી પરંતુ એનો કબજો કરીને ફ્લૅટ બની ગયા એમ સાંભળ્યું. અત્યારે આશ્રમમાં બે જ ઓરડા છે, ઉપર નવું બાંધકામ ચાલુ છે. બન્ને કક્ષમાં **મા** રહેતાં પરંતુ અંદરનો જે નાનો કક્ષ છે ત્યાં પેલી વેદી છે, જે સ્થળેથી લાલ ગરમ જળ નીકળ્યું હતું અને **મા**નો હાથ ખભા સુધી ખૂંપી ગયો હતો. એ વેદીમાં શિવલિંગ પ્રતિષ્ઠિત છે. પ્રાચીન

કાળથી સાધકો આ ભૂમિ પર રહેતા હતા, ઘણાની સમાધિઓ પણ હતી. **મા**એ બહુ પૂછવા છતાં એ રક્તજળનું રહસ્ય પ્રગટ કર્યું ન હતું, તેમ જ જે 'એક વસ્તુ નીકળી જે ભોલાનાથજીએ સામે તળાવમાં ફેંકી દીધી' એ રહસ્ય પણ અપ્રગટ રહ્યું.

વેદીની ઉપર શિવલિંગ છે. અમે ત્રણ બાજુ ગોઠવાઈ ગયાં. નવીનભાઈએ સામે બેસીને પૂજા કરી, બધાંએ આરતી ગાઈ, ફરી ફરીને વેદીનો સ્પર્શ કરીને શિવજીને પ્રણામ કર્યા.

આશ્રમના પૂજારી શ્રી જીવનલાલ ગોસ્વામીએ ઘણો સહકાર આપ્યો. પ્રસાદવિતરણ બાદ જીવન મહારાજ અમને એમને ઘરે લઈ ગયા. નીતાને અને મને એમનો ફ્લૅટ બતાવીને વારંવાર માની કૃપાથી આ બધું છે તેમ કહ્યું.

અમારે બપોરના ભોજનમાં સિદ્ધેશ્વરી કાલીમાનો પ્રસાદ લેવાનો હતો. આશ્રમમાં બેસીને રાહ જોઈ, લગભગ એક-દોઢ વાગે અમને બોલાવ્યાં. મંદિરમાં માની સામે જ નીચે બેસીને પ્રસાદ લીધો. માને પ્રણામ કરીને મંદિરમાં હાથ જોડીને ''જય મા જય મા'' કહીને અમે હોટેલમાં પાછા ફર્યાં.

•

શાહબાગ જવાની ઈચ્છા હજી અધૂરી હતી. સાંજે સાતેક વાગે અમારે બધાંએ સિદ્ધેશ્વરી આશ્રમમાં કમિટિના સભ્યોને મળવાનું હતું. એ લોકોને કામનો ચાલુ દિવસ હોવાથી રજતભાઈને ખાસ કહેવડાવ્યું હતું કે આપણે બધાં સાંજે મળીએ.

અમારી પાસે વચ્ચે થોડો સમય હતો. જ્યોતિબહેન અને હું સાઈકલ રિક્ષામાં બેસીને શાહબાગ જવા નીકળ્યાં. સાંજનો છની





આસપાસનો સમય હતો તેથી મનમાં હતું કે કોલેજો બંધ હશે, લોકો નહિ હોય. ઢાકાના સાંજના ટ્રાફિકમાંથી બચવા રિક્ષાવાળો ગલીઓમાંથી રિક્ષા લઈ જતો હતો. વળી પાછા મુખ્ય રસ્તા પર આવ્યા અને રમના આશ્રમનું સ્થળ નજરે પડ્યું, આપોઆપ હાથ જોડાઈ ગયા. ત્યાંથી સહેજ આગળ જતાં જ શાહબાગ આવી ગયું. પરંતુ વિદ્યાર્થીઓ અને લોકો તો હતા જ, થોડા ઓછા, પરંતુ એકાંત નહોતું.

નીચે ઊતરીને ફરીથી આંખમાં ભરી લીધું બધું—આ નાચઘર **મા**નું કીર્તનસ્થળ, આ ગોલઘર ભાવાવસ્થાની લીલા, આ આસપાસનાં ઘટાદાર વૃક્ષો, આ કીર્તનસ્વરોથી વ્યાપ્ત વાયુમંડળ, **મા**નાં ચરણોના વિચરણથી પવિત્ર થયેલી આ ભૂમિ, શાહબાગ ભવ્ય છે ! મહત્ છે ! વિશેષ પરિવેશયુક્ત છે !

•

સાંજે સિદ્ધેશ્વરી આશ્રમમાં ગયાં. બધા નીચે જમીન પર બેસીને અમારી રાહ જોતા હતા. **મા**ની વાતો કરી એમણે, સિદ્ધેશ્વરીની, શાહબાગની વાતો કરી. અમે સુલતાનપુરની વાતો કરી કે કેવી રીતે એ ઉપેક્ષિત સ્થળોની રક્ષા કરી શકાય, કેવી રીતે એનું મહત્ત્વ સમજાવી શકાય લોકોને ? જે પ્રજા સુલતાનપુરમાં આજુબાજુ રહે છે તે નિર્ધન જેવી છે, અભણ છે, હિંદુ નથી, **મા** વિષે કોઈ જાણકારી નથી, એમને સામાન્ય સ્વચ્છતાનું પણ શિક્ષણ નથી. કેવી 'સિદ્ધભૂમિ' પર તેઓ રહે છે તેની તેમને કંઈ જ ખબર નથી.

જો કે વિદ્યાકૂટ, બાજિતપુર તથા ખેઓડામાં સ્વચ્છતા દેખાતી હતી. **મા**નો શું ''ખ્યાલ'' છે તે **મા** જાણે. શું આ બધાં સ્થળો કાળના ગર્તમાં સમાઈ જશે કે સુરક્ષિત રહેશે ? અષ્ટગ્રામનું શું થશે ?

રાત્રે અમારામાંના છ જણ પિનાકીદા સાથે ઢાકાના પ્રસિદ્ધ ઢાકેશ્વરી મંદિરમાં દર્શન કરવા ગયાં. વિશાળ મંદિર છે. ઢાકાની અધિષ્ઠાત્રી ઢાકેશ્વરી છે. **મા** પણ ઘણી વાર ત્યાં ગયાં હતાં. દેવીની મૂર્તિની ડાબી બાજુ બીજા નાના કક્ષમાં વિષ્ણુ ભગવાનની મૂર્તિ છે, તેથી ઢાકેશ્વરી લક્ષ્મીનું સ્વરૂપ હશે એમ લાગે છે. પૂજારીએ અમને પ્રસાદ તથા પ્રસાદી કંકુની ડબ્બીઓ આપી. પિનાકીદા પૂજારીને પણ ઓળખતા હતા. આ મંદિરમાં ઢાકાના હિંદુઓની સારી અવરજવર છે. અમને પણ ત્યાં હિંદુઓ મળ્યા, અને વાતચીત થઈ.

## શાહબાગ થઈને પ્રત્યાવર્તન

રાત્રે હોટેલ પર જઈને નાસ્તો કરીને સૂઈ ગયાં. સવારે વહેલા પિનાકીદા તૈયાર થઈને આવી ગયા હતા. અમે નીકળતાં હતાં તે વખતે શ્રી જયંત ભૌમિક તથા એમનાં પત્ની, અને કમિટિના એક સભ્ય અમને વિદાય આપવા માટે હોટેલમાં આવ્યા હતાં. ''જય મા'' કહીને આભાર માનીને અમે બે મોટરમાં ગોઠવાઈને પહેલાં શાહબાગ ગયાં. અત્યારે સવારના સાડા છ - સાત વાગ્યા હતા તેથી ખાસ લોકો હતા નહિ. થોડીવાર ત્યાં રોકાઈને અમે નીકળી ગયાં. બે કલાકમાં પિનાકીદાને ઘરે બ્રાહ્મનબાડિયા આવી પહોંચ્યાં. ભોજન કરીને પોતપોતાનો સામાન મૂકાવ્યો. અમે ઢાકાથી પિનાકીદા માટે એક નાની સરખી ભેટ ખરીદી હતી જે એમને આપી, અને ખૂબ જ નિખાલસભાવે તરત સ્નેહથી એમણે સ્વીકારી લીધી. અમે પહેલેથી નક્કી કરેલું કે ખોલે એટલે અમારે એકીસાથે જોરથી તાળીઓ પાડવી. તે જ પ્રમાણે અમે કર્યું, પિનાકીદા પણ ખૂબ હસી પડ્યા. વાતાવરણમાં આનંદ છવાઈ ગયો. પલાશની નાની દીકરીને પણ નાની સરખી ભેટ આપી.





આ બાજુ પિનાકીદાએ એમના કબાટમાંથી એક એક કરીને વસ્તુઓ કાઢવા માંડી, અને અમને દરેકને ભેટ આપી. તે ઉપરાંત એમનો પુત્ર પ્રણવ જે વકીલ છે તેણે અમને પ્રત્યેકને બાંગ્લાદેશનો 'હલાલ સાબુ' એટલે કે પવિત્ર સાબુ ભેટ આપ્યો. પ્રણવ બહુ સુંદર ગાય છે, એક દિવસ રાત્રે એણે અમને શ્યામાસંગીત અને ભક્તકવિ રામપ્રસાદનાં તથા નઝરુલનાં ગીતો સંભળાવ્યાં હતાં.

છેવટે પિનાકીદાના પુત્રો પલાશ અને પલ્લવ, પુત્રવધૂ બનાનીનો આભાર માનીને અમે ભાવભીની વિદાય લીધી. પ્રણવ અમારી સાથે આખૌડા આવવાનો હતો. અડધા-પોણા કલાકમાં સમયસર આખૌડા ચેકપોસ્ટ પહોંચી ગયાં. પિનાકીદાએ અમારા બધાના પાસપોર્ટ લઈને બાંગ્લાદેશ બાજુની સર્વ વિધિ અમારા વતી પતાવી આપી.

પિનાકીદાએ એક દિવસ મને કહ્યું હતું, ''તમારા લોકો જેવું હજી સુધી કોઈ આવ્યું નથી !''

આંખમાં આંસૂ સાથે અમે એમની વિદાય લીધી. ભારતમાં પ્રવેશ્યાં, અને ચેકપોસ્ટમાં અંદર જતાં પહેલાં ફરીથી હાથ હલાવી હલાવીને ''જય મા જય મા'' થોડી વાર સુધી કર્યા કર્યું. એમણે પણ હાથ હલાવ્યા કર્યો.

ઋણાનુંબધોને કારણે જ સંબંધો બંધાય છે તે સાચું છે, પરંતુ અહીંયાં તો **મા** અમારા બધાંની વચ્ચે હતાં, અને **મા**ની ભક્તિ-પ્રેમના બંધનથી ભારતના અમે, અને બાંગ્લાદેશના તેઓ, બંધાયેલા હતા. માએ જ સર્વ વ્યવસ્થા કરી આપીને અમારી યાત્રા સફળ કરાવી. જય મા.

આખૌડાથી આગરતલા આવીને આશ્રમની બહારથી જ બંધ મંદિરને પ્રણામ કરીને, શ્રી રાવને એમના ઘરની બહાર મળીને એરપોર્ટ જવા નીકળ્યાં. કલકત્તા જઈને આશ્રમમાં રોકાયાં.

આશ્રમના સેક્રેટરી દિલીપદાએ અમને પ્રત્યેકને એકસરખી પ્લાસ્ટીકની બેગમાં વસ્ત્ર, રેશમી કપડા પર માનો ફોટો, કંકુ, મેવાનો પ્રસાદ વિ. અત્યંત આદરસહિત આપ્યું.

બીજે ત્રીજે દિવસે બધા પોતપોતાની અનુકૂળતા પ્રમાણે પોતપોતાને સ્થાને જવા છુટા પડ્યાં.

યાત્રા અત્યંત સુંદર રીતે થઈ, અમારામાંના કેટલાકને જતાં પહેલાં એવો પૂર્વગ્રહ હતો કે ત્યાં પાણીની તકલીફ છે, બીજી પણ ઘણી અગવડો છે, પરંતુ હવે નિશ્ચયપૂર્વક લાગે છે કે અગવડ પડશે તો શું થશે એવો વિચાર કરીને ન જવા કરતાં **મા**નું નામ લઈને આગળ વધ્યે જવું જોઈએ, આનો પ્રત્યક્ષ અનુભવ આ યાત્રામાં થયો.

ઉપનિષદ્‌નું વાક્ય છે—સૂતેલાનું ભાગ્ય સૂઈ રહે છે, બેઠેલાનું બેસી રહે છે, ઊભાનું ઊભું રહે છે અને ચાલનારનું ભાગ્ય ચાલે છે. चराति चरतो भग: ।

સુપ્તાવસ્થામાં કલિયુગ, બેસવામાં દ્વાપર, ઊભા રહેવામાં ત્રેતા, અને ચાલવામાં સત્યુગ છે. ચાલતાં રહેવાથી મધ મળે છે, चरन्वै मधु विन्दति માટે चराति चरतो भग: ।

चरैवेति चरैवेति ચાલતા જ રહો, ચાલતા જ રહો,

અને **મા**નું સ્મરણ જ્યાં છે ત્યાં **મા** સદેહે સ્વયં છે જ.





**મા**એ કહ્યું છે :

"माँ है, चिन्ता किसकी ?"

"अकेला ? अकेला कहाँ ? विदेशमें बन्धु क्या परम बन्धु को छोड़कर ?"


"मैं तो तुम लोगों को छोड़कर जाती नहीं। मैं तो तुम लोगों के पास ही हूँ।"

"सर्वरूप में सर्वभाव में वे ही तो हैं। जब जो होता है, वे ही कराते हैं, वे ही करते हैं, वे ही सुनते हैं, वे ही सुनाते हैं। सब विषय में केवल उन पर निर्भर करना।"

"जानकर रखो - तुम लोगों की बात मुझे हर समय याद रहती है।"

"यह शरीर तो हर समय कहता है - एक आत्मा। इसीलिये अलग और दूरत्व का प्रश्न कहाँ ?"

॥ જય મા ॥


INDIA
(TRIPURA)
TO AGARTALA
DHAKA
COMILLA
BANGLADESH